**અંક બંધ રહેશે**

મકરસંક્રાંતિ પર્વને અનુલક્ષીને તા.૧૪/૦૧/૨૦૨૬ ના રોજ સંજોગ ન્યૂઝ કાર્યાલય રજા પાળશે. જેથી તા.૧૫/૦૧/૨૦૨૬ નો અંક પ્રકાશિત થશે નહિ. તા.૧૬/૦૧/૨૦૨૬ ના રોજથી રાબેતા મુજબ અખબાર પ્રકાશિત થશે. જેની વાંચકો, એજન્ટ મિત્રો અને વિતરકોએ નોંધ લેવી.

- મેનેજમેન્ટ



# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 99 | AD - 2026, Paush Vad - 11 | Wednesday, Dt. 14-01-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


**કૂતરાં ૯ વર્ષના બાળક પર હુમલો કરે છે ત્યારે કોને જવાબદાર ઠેરવવા જોઈએ? સુપ્રિમ કોર્ટની કડક ટીપ્પણી**

# કૂતરૂ કરડવાથી કોઈનુ મોત થશે તો રાજય સરકારને વળતર ચૂકવવુ પડશે : સુપ્રિમ

ન્યુ દિલ્હી,તા.૧૩

સુપ્રીમ કોર્ટે મંગળવારે બાળકો અને વૃદ્ધો પર રખડતાં કૂતરાંના હુમલા અંગે કડક ટિપ્પણી કરી હતી. જસ્ટિસ વિક્રમ નાથ, સંદીપ મહેતા અને એનવી અંજારિયાની બેન્ચે જણાવ્યું હતું કે કૂતરાંમાં એક ચોક્કસ વાઈરસ હોય છે, જેનો કોઈ ઈલાજ નથી. રણથંભોર રાષ્ટ્રીય ઉદ્યાનમાં કૂતરાંને કરડનારા વાઘ એક અસાધ્ય રોગથી સંક્રમિત હતા. જસ્ટિસ મહેતાએ કહ્યું, જ્યારે કૂતરાં ૯ વર્ષના બાળક પર હુમલો કરે છે ત્યારે કોને જવાબદાર ઠેરવવા જોઈએ? શું એમને ખવડાવતી સંસ્થાને જવાબદાર ઠેરવવી જોઈએ? શું આપણે આ સમસ્યા પ્રત્યે આંખ આડા કાન કરવા જોઈએ? કોર્ટે કહ્યું, "રખડતાં કૂતરાંને ખવડાવતા કૂતરાપ્રેમીઓએ એક કામ કરવું જોઈએ. કૂતરાઓને ઘરે લઈ જાઓ.સુપ્રીમ કોર્ટે કહ્યું, જે લોકો કહે છે કે અમે કૂતરાઓને ખવડાવી રહ્યા છીએ, તો તેમની જવાબદારી નક્કી થવી જોઈએ. કૂતરાઓ જ્યાં-ત્યાં ગંદકી કેમ ફેલાવી રહ્યા છે, કરડી રહ્યા છે અને ડરાવી રહ્યા છે. સરકાર કંઈ કરી રહી નથી. કૂતરા કરડવાથી બાળકો કે વૃદ્ધોના દરેક મૃત્યુ કે ઈજા થવા સામે અમે રાજ્ય સરકાર પર ભારે વળતર લાદીશું.જસ્ટિસ વિક્રમ નાથે કહ્યું, દરેક કિસ્સામાં જ્યાં કૂતરાં કરડવાથી બાળકો અથવા વૃદ્ધોનાં મોત થાય છે અથવા ઘાયલ થાય છે, રાજ્ય સરકાર પર ભારે વળતર લાદવામાં આવશે, કારણ કે તેણે કંઈ કર્યું નથી અને જે લોકો કહે છે કે અમે કૂતરાઓને ખવડાવી રહ્યા છીએ તેમને પણ જવાબદાર



ઠેરવવામાં આવશે. જો તમને તેમના પર આટલો જ પ્રેમ છે તો તેઓ કૂતરાઓને ઘરે લઈ જાય. એમને લોકોને ડરાવવા અને કરડવા માટે રસ્તાઓ પર કેમ છોડી દેવામાં આવી રહ્યાં છે?એક એનિમલ વેલફેર ટ્રસ્ટ તરફથી હાજર રહેલા સીનિયર વકીલ વિકાસ સિંહે કહ્યું, "આને પ્રાણી વિરુદ્ધ માનવ મુદ્દો ગણો. ૨૦૨૫માં, ૫૦,૦૦૦થી વધુ લોકો સાપ કરડવાથી મૃત્યુ પામ્યા હતા." ઉંદરોને કન્ટ્રોલ કરવા માટે કૂતરાઓ ખૂબ જ મહત્વપૂર્ણ છે. ઈકોસિસ્ટમમાં બેલેન્સ જાળવવું આવશ્યક છે. કરડવું એ કૂતરા સંબંધિત મુદ્દાઓનું માત્ર એક પાસું છે. ઈકોસિસ્ટમમાં તેમની ભૂમિકા ધ્યાનમાં લેવી જોઈએ.અન્ય એક વકીલ પિંકી આનંદે જણાવ્યું હતું કે, " કૂતરાઆએ" લોકો પર હુમલો કર્યો છે, પરંતુ જોગવાઈઓ જણાવે છે કે પ્રાણીઓ સાથે દયાળુ વર્તન કરવું જોઈએ. અમે ટીબી જેવા રોગોને દૂર કરવા માટે એક પોલિસી બનાવી છે." આપણે ટીબીથી પીડિત લોકોને ખતમ કર્યા નથી. આજે આપણી પાસે ફક્ત ૭૭ ABC સેન્ટર છે. જો કૂતરાઓને પાછા લાવવામાં નહીં આવે, તો વધુ હિંસક કૂતરાઓ આવશે. જવાબદારી સ્થાપિત કરવી જ જોઈએ.સુપ્રીમ કોર્ટમાં બે એનિમલ ટ્રસ્ટનું પ્રતિનિધિત્વ કરતા એડવોકેટ મેનકા ગુરુસ્વામીએ કહ્યું, "આ એક ભાવનાત્મક મામલો છે." આ અંગે જસ્ટિસ મહેતાએ જવાબ આપ્યો, "અત્યાર સુધી, એવું લાગે છે કે લાગણીઓ ફક્ત કૂતરાઓ માટે જ છે." ગુરુસ્વામીએ જવાબ આપ્યો, "તે સાચું નથી. હું માણસો વિશે પણ એટલી જ ચિંતિત છું."જસ્ટિસ મહેતાએ કહ્યું, આભાર! કૃપા કરીને અમને અધિકારીઓને સવાલ કરવાની મંજૂરી આપો જેથી અમે પ્રક્રિયા શરૂ કરી શકીએ. બધા એક જ વાતનું રટણ કરી રહ્યા છે. અધિકારીઓ પાસેથી જવાબ મેળવવામાં અમને અડધો દિવસ લાગી જાય છે. તેમની નિષ્ક્રિયતાએ સમસ્યાને ૧,૦૦૦ ગણી વધારી દીધી છે. આ કોર્ટ કાર્યવાહીને બદલે જાહેર મંચ બની ગયું છે.

# વૃધ્ધ માતા-પિતાને તરછોડશો તો પગાર કપાશે : તેલંગાણા સરકાર નવો કાયદો લાવશે

હૈદરાબાદ,તા.૧૩

તેલંગાણા સરકાર વૃદ્ધ માતા-પિતાના પક્ષમાં એક મહત્ત્વનો કાયદો લાવવા જઈ રહી છે. આ કાયદા હેઠળ વૃદ્ધ માતા-પિતાને તરછોડતા સરકારી કર્મચારીઓના પગારમાં કાપ મુકવામાં આવશે. તેલંગાણા સરકાર એક એવો કાયદો બનાવવા જઈ રહી છે જે હેઠળ એવા સરકારી કર્મચારીઓના પગારમાંથી ૧૦ ટકા કાપ મૂકવામાં આવશે જેઓ પોતાના વૃદ્ધ માતા-પિતાનું ધ્યાન નથી રાખતા. આ પૈસા માતા-પિતાના બેન્ક ખાતામાં ટ્રાન્સફર



કરવામાં આવશે. મુખ્યમંત્રી એ. રેવંત રેડ્ડીએ સોમવારે કહ્યું કે, વૃદ્ધ માતા-પિતા દ્વારા તેમના પુત્રો સામે કરવામાં આવેલી ફરિયાદોને ગંભીરતાથી લેવી જોઈએ અને એ સુનિશ્ચિત કરવું જોઈએ કે પગારના ૧૦ ટકા સીધા તેમના માતા-પિતાના બેન્ક ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવે.સીએમ રેવંત રેડ્ડીએ કહ્યું કે, 'કેટલાક વૃદ્ધ માતા-પિતાને તેમના બાળકો દ્વારા અવગણવામાં આવી રહ્યા છે. રાજ્ય સરકાર આગામી બજેટ સત્રમાં એક એવો કાયદો રજૂ કરશે, જે હેઠળ માતા-પિતાને તરછોડતા સરકારી કર્મચારીના પગારમાંથી ૧૦-૧૫ ટકા કાપ મુકવામાં આવશે. આ પૈસા સીધા તેમના માતા-પિતાના બેન્ક ખાતામાં જમા કરવામાં આવશે.'મુખ્યમંત્રીએ આગળ કહ્યું કે, 'જે લોકો પોતાના માતા-પિતાનું ધ્યાન નથી રાખતા તે સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી નથી નિભાવી રહ્યા. આપણા વડીલો ગૌરવ સાથે જીવન જીવી શકે એ માટે આ માનવતાવાદી પગલું ભરવામાં આવી રહ્યું છે.'

# ભારત-અમેરિકા વચ્ચે વ્યાપારિક સબંધોની વાતચીતની ચર્ચા પાછી ઠેલાઈ

ન્યૂ દિલ્હી,તા.૧૩

ભારત અને અમેરિકા વચ્ચેના વ્યાપારિક સંબંધોમાં ફરી એકવાર અનિશ્ચિતતા જોવા મળી રહી છે. અમેરિકન રાજદૂત સર્જિયો ગોરે મંગળવાર, ૧૩ જાન્યુઆરી, ૨૦૨૬થી ટ્રેડ ડીલ પર ફરીથી વાટાઘાટો શરૂ થવાની આશા વ્યક્ત કરી હતી, પરંતુ તાજેતરના અહેવાલો મુજબ ભારત અને અમેરિકા વચ્ચે આ અઠવાડિયે આવી કોઈ વાતચીત નિર્ધારિત નથી. વાણિજ્ય મંત્રાલયના અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે તેમને વોશિંગ્ટન તરફથી




આ અંગે કોઈ સત્તાવાર સૂચના મળી નથી, જેના કારણે ટ્રેડ ડીલ પરની ચર્ચા ફરી પાછળ ઠેલાઈ ગઈ છે.આ સ્થિતિ ત્યારે સર્જાઈ છે જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઈરાન સાથે વેપાર કરતા દેશો પર ૨૫% વધારાનો ટેરિફ લગાવવાની ધમકી આપવામાં આવી છે. હાલમાં ભારતીય સામાન પર અમેરિકામાં ૫૦% ટેરિફ લાગુ છે, જે લાંબા સમયથી બંને દેશો વચ્ચે વિવાદનો મુખ્ય વિષય રહ્યો છે. આટલા ઊંચા ટેરિફ હોવા છતાં, એપ્રિલથી નવેમ્બર દરમિયાન અમેરિકામાં ભારતની નિકાસ ૧૧.૪% વધીને ૫૯.૦૪ અબજ ડોલર પર પહોંચી છે. જોકે, જો અમેરિકન કોંગ્રેસ દ્વારા રશિયા અને તેના ભાગીદારો વિરુદ્ધ નવું પ્રતિબંધ વિધેયક પસાર કરવામાં આવશે, તો ભારતીય નિકાસકારોની મુશ્કેલીઓ વધી શકે છે. હાલમાં બંને પક્ષો વચગાળાના કરાર સુધી પહોંચવા માટે મથામણ કરી રહ્યા છે, પરંતુ તેની કોઈ નિશ્ચિત સમયરેખા હજુ નક્કી થઈ શકી નથી.

# ઓપરેશન સિંદૂર હજુ ચાલુ છે : પાકિસ્તાનને આર્મી ચીફની ચેતવણી

ન્યૂ દિલ્હી,તા.૧૩

ભારતીય આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ ૧૫ જાન્યુઆરી 'આર્મી ડે' પહેલાં યોજાયેલી વાર્ષિક પ્રેસ કોન્ફરન્સમાં પાકિસ્તાન અને ચીન સહિત દેશની આંતરિક સુરક્ષા પર મહત્ત્વના નિવેદનો આપ્યા છે. ૧૩ જાન્યુઆરીના રોજ માણેકશો સેન્ટર ખાતે આયોજિત આ કોન્ફરન્સમાં તેમણે સ્પષ્ટ ચેતવણી આપી હતી કે ઈન્ટરનેશનલ બોર્ડર(IB) અને લાઈન ઓફ કંટ્રોલ(LC) પર હાલમાં ૮ જેટલા આતંકી કેમ્પ સક્રિય છે. સેના આ કેમ્પોની દરેક



હિલચાલ પર નજર રાખી રહી છે અને જો પાકિસ્તાન કોઈ પણ ભૂલ કરશે તો ભારત તરફથી ત્વરિત અને કડક કાર્યવાહી કરવામાં આવશે.જનરલ દ્વિવેદીએ જણાવ્યું હતું કે, 'પહલગામ હુમલા બાદ માત્ર ૨૨ મિનિટમાં 'ઓપરેશન રીસેટ' વ્યૂહરચના હેઠળ વળતો પ્રહાર કરવામાં આવ્યો હતો. હાલમાં 'ઓપરેશન સિંદૂર' હજુ પણ ચાલુ છે. પાકિસ્તાનની પરમાણુ ધમકીઓની અસર હવે ભારત-ચીન સરહદ પર બેઅસર થઈ ગઈ છે. જમ્મુ-કાશ્મીરમાં સ્થિતિ હાલ સંવેદનશીલ હોવા છતાં સંપૂર્ણપણે ભારતીય સેનાના નિયંત્રણમાં છે.'ચીન સાથેની ઉત્તરી સરહદ અંગે આર્મી ચીફે સકારાત્મક સંકેત આપતા કહ્યું કે, 'ઉચ્ચ સ્તરીય વાટાઘાટોને કારણે સ્થિતિ ધીમે-ધીમે સામાન્ય થઈ રહી છે. સરહદ પર સ્થિતિ સ્થિર છે, પરંતુ સેના સતત સતર્ક છે. તેમજ મણિપુરમાં સુરક્ષા દળો અને સરકારના સંકલિત પ્રયાસોને કારણે શાંતિ સ્થપાઈ રહી છે. આ ઉપરાંત, મ્યાનમારમાં ચૂંટણી બાદ બંને દેશોની સેનાઓ વચ્ચે સહયોગ વધવાની આશા છે.'ભારતીય સેના હવે આધુનિક ટેકનોલોજી તરફ ઝડપથી આગળ વધી રહી છે. જનરલ દ્વિવેદીએ જાહેરાત કરી કે સેના ટૂંક સમયમાં અદ્યતન બ્રહ્મોસ મિસાઈલ, હાઈ-ટેક ડ્રોન અને લોઈટરિંગ મ્યુનિશન(હવામાં ઘૂમીને હુમલો કરતી મિસાઈલ) અપનાવશે. ખાસ વાત એ છે કે સેનાનો ૯૦ ટકાથી વધુ દારૂગોળો હવે સ્વદેશી છે. સેનાએ વર્ષ ૨૦૨૬ને 'નેટવર્કિંગ અને ડેટા સેન્ટ્રિસીટીનું વર્ષ' જાહેર કર્યું છે, જેનાથી યુદ્ધના મેદાનમાં રિયલ-ટાઈમ નિર્ણય લેવાની ક્ષમતા વધશે.

# બાંગ્લાદેશમાં વધુ એક હિન્દુ યુવકની ચાકુ મારીને હત્યા

ચટગાંવ, તા.૧૩

બાંગ્લાદેશના દક્ષિણ ભાગમાં આવેલા ચટગાંવ ડિવિઝનના ફેની જિલ્લાના દાગનભુઈયાંમાં રવિવારે રાત્રે અજાણ્યા બદમાશોએ ૨૮ વર્ષીય હિંદુ યુવક સમીર કુમાર દાસને માર માર્યા બાદ ચાકુ મારીને હત્યા કરી દીધી. તેની ઓટોરિક્ષા પણ લૂંટી લીધી હતી. પરિવારના જણાવ્યા અનુસાર, સમીર રવિવારે સાંજે લગભગ ૭ વાગ્યે ઓટોરિક્ષા લઈને ઘરેથી નીકળ્યો હતો. મોડીરાત સુધી જ્યારે તે પાછો ન ફર્યો ત્યારે પરિવારજનોએ તેની



શોધખોળ શરૂ કરી. રાત્રે લગભગ ૨ વાગ્યે જગતપુર ગામના એક ખેતરમાં સ્થાનિક લોકોને તેનો મૃતદેહ મળ્યો હતો. દાગનભુઈયાં પોલીસ સ્ટેશનના એક પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, સમીરની હત્યામાં દેશી હથિયારોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં લાગી રહ્યું છે કે હત્યા અગાઉથી આયોજન હેઠળ કરવામાં આવી હતી. તપાસ ચાલુ છે અને હજુ સુધી કોઈની ધરપકડ થઈ નથી.






# પં.બંગાળમાં બે નર્સમાં નિપાહ વાયરસ જોવા મળતા ફફડાટ

કોલકાત્તા,તા.૧૩

પશ્ચિમ બંગાળમાં નિપાહ વાયરસના બે શંકાસ્પદ કેસ સામે આવ્યા છે. ન્યૂઝ એજન્સીએ બંગાળના સ્વાસ્થ્ય વિભાગના એક અધિકારીને ટાંકીને જણાવ્યું કે ઉત્તર ૨૪ પરગણા જિલ્લાના બારાસાત ખાતેની એક પ્રાઈવેટ હોસ્પિટલમાં કામ કરતી બે આરોગ્યકર્મીમાં નિપાહ વાયરસના લક્ષણો જોવા મળ્યા છે. આમાં એક પુરુષ અને બીજી મહિલા નર્સ છે.

બંનેની હાલત ગંભીર હોવાનું જણાવાઈ રહ્યું છે. બંનેના સેમ્પલ AIIMS કલ્યાણીની વાયરસ રિસર્ચ એન્ડ ડાયગ્નોસ્ટિક લેબમાં તપાસ માટે મોકલવામાં આવ્યા હતા.

પ્રારંભિક રિપોર્ટમાં નિપાહ સંક્રમણની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. એક નર્સ નદિયા જિલ્લાની રહેવાસી છે, જ્યારે બીજો પૂર્વ બર્દવાન જિલ્લાના કટવાની નિવાસી છે. હાલમાં બંનેને તે જ હોસ્પિટલના આઈસોલેશન વોર્ડમાં વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યા છે, જ્યાં તેઓ કામ કરે છે.




# ખાંભાના હનુમાનપુર ગામે બાળક પર દીપડાનો જીવલેણ હુમલો

અમરેલી,તા.૧૩

ખાંભા તાલુકાના હનુમાનપુર ગામની સીમમાં દીપડાએ બે વર્ષના બાળક પર હુમલો કરતા ચકચાર મચી ગઈ છે. રમણીકભાઈ બોડાની વાડીમાં ખેત મજૂરી કરતા પરેશભાઈનો પરિવાર જ્યારે હાજર હતો, ત્યારે બાજરીના પાકમાંથી અચાનક ધસી આવેલા દીપડાએ રમી રહેલા માસૂમ ઈશ્વર પરમાર પર હુમલો કર્યો હતો. બાળકની ચીસો સાંભળી પરિવારજનોએ તાત્કાલિક હિંમત દાખવી હોબાળો મચાવતા દીપડો બાળકને છોડીને નાસી છૂટ્યો હતો.



ઈજાગ્રસ્ત બાળકને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે, જ્યાં તેની તબિયત હાલ સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ થતા વન વિભાગની ટીમે સ્થળ પર પહોંચી દીપડાને પકડવા પાંજરા ગોઠવ્યા છે અને સમગ્ર વિસ્તારમાં પેટ્રોલિંગ સઘન બનાવ્યું છે. આ ઘટનાને પગલે સ્થાનિક ગ્રામજનોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

# લીલીયા મોટા ખાતે બગદાણા ઘટનાને લઈ કોળી સમાજ દ્વારા આવેદનપત્ર પાઠવાયું

લીલીયા મોટા,તા.૧૩

બગદાણા (તા. મહુવા, જી. ભાવનગર) ખાતે કોળી સમાજના યુવાન નવનીતભાઈ બાળધિયા પર થયેલા જીવલેણ હુમલાની ઘટનાને લઈને લીલીયા તાલુકા કોળી સમાજ દ્વારા મામલતદાર લીલીયા ને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આવેદનપત્રમાં જણાવ્યા




મુજબ, લૂખ્ખા અસામાજિક તત્વોએ પહેલેથી ગુનાહિત કાવતરું રચી ગેરકાયદેસર મંડળી બનાવી નવનીતભાઈ પર જાનથી મારી નાંખવાના ઈરાદે હુમલો કર્યો હતો, જેમાં તેમને ગંભીર ઈજાઓ પહોંચી છે. આ ઘટનામાં સોશિયલ મીડિયામાં વાઈરલ થયેલા વિડિયો કોણે અને કોના કહેવાથી બનાવ્યો, ક્યા સ્થળે કાવતરું રચાયું, કયા આરોપીઓ સંડોવાયેલા છે અને કોની ધરપકડ બાકી છે તેની સચોટ તપાસની માંગ કરાઈ છે.

# બાબરામાં વીરબાઈ માતા સત્સંગ મંડળની બહેનો દ્વારા લાડવાનું વિતરણ

બાબરા,તા.૧૩

બાબરા લોહાણા મહાજન વાડી સ્થિત જલારામ ઝૂંપડી ખાતે વીરબાઈ માતા સત્સંગ મંડળની બહેનો દ્વારા ઉત્તરાયણના પર્વ નિમિતે ઝૂંપડપટ્ટીના બાળકોને લાડુ વિતરણ કરવામાં આવ્યું હતું. ઝૂંપડપટ્ટીના બાળકોને પ્રેમપૂર્વક લાડુના પેકેટ બનાવીને વિતરણ કરવામાં આવ્યા હતા. આ સેવાકાર્યમાં અંજલિબેન પાલાણ, અંજલિબેન રૂપારેલિયા, શ્વેતાબેન પોપટ, સ્વાતિબેન



રૂપારેલિયા, વિદ્યા બેન ઓંધિયા, નીતાબેન સૂચક, પાયલબેન વસાણી ચંદાબેન રૂપારેલિયા, પુષ્પાબેન સૂચક અને નેહાબેન કારિયાએ મહત્વપૂર્ણ જહેમત ઉઠાવી હતી.

# અમરેલી સહકારી સંસ્થાઓના મંત્રી, મેનેજરોએ ગોવા કો. ઓપરેટીવ બેન્કની મુલાકાત લીધી

અમરેલી,તા.૧૩

અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ ગોવા રાજયના અભ્યાસ માટે ગયેલ ત્યારે અમરેલીની સહકારી સંસ્થાઓના મંત્રી/ મેનેજર દ્વારા ગોવાના પણજી ખાતે આવેલ ધી ગોવા સ્ટેટ કૉ. ઓપરેટીવ બેંક લી. ની મુલાકાત લીધી હતી, ત્યારે




ધી ગોવા સ્ટેટ કૉ - ઓપરેટીવ બેંક ના ચેરમેન શ્રી પાંડુરંગ નાયર કીર્તિકર જી, દ્વારા તમામનું સ્વાગત સહ સન્માન કર્યું હતું. આ ઉપરાંત બેંકના એમ. ડી શ્રી અનંત સાડરેકરજી અને જનરલ મેનેજર સુનિલ મેડકાઈકરજીએ બેંકના વહીવટી કાર્યો વિશે માહિતી આપી હતી ત્યારે અમરેલી જિલ્લા સહકારી સી.ઈ.ઓ ભાર્ગવ ત્રિવેદી દ્વારા ગુજરાત અને અમરેલીમાં ચાલતી સહકારી પ્રવૃત્તિ બાબતે ચર્ચા કરી હતી. આ ઉપરાંત ગોવાની દ્વિ-સ્તરીય સહકારી પદ્ધતિ બાબતે માહિતી મેળવી હતી.

# ડેડાણ મુકામે ખેડૂતોનો પ્રેરણા પ્રવાસ યોજાયો

અમરેલી,તા.૧૩

ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ- અમરેલી દ્વારા ખાંભા તાલુકાના ડેડાણ મુકામે ખેડૂતો માટે એક વિશેષ પ્રેરણા



પ્રવાસનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસનું આયોજન મુક્તાનંદ બાપુ આશ્રમના પ્રાકૃતિક મોડેલ ફાર્મ ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં જીવાપર, કંટાળા, સરકડીયા મોટા, ભાવરડી, ત્રાકુડા અને બોરાળા ગામના અંદાજે ૨૩૦ જેટલા ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# અમરેલીમાં દિલીપ સંઘાણીની ઉપસ્થિતિમાં જરૂરિયાતમંદોને ધાબળા વિતરણ

અમરેલી,તા.૧૩

દેશની સૌથી મોટી પ્રતિષ્ઠિત સહકારી સંસ્થા ઈફકો દ્વારા અમરેલી ખાતે સામાજિક કાર્યક્રમ અંતર્ગત અનુસૂચિત જનજાતિ, ખેત મજૂરો અને જરૂરિયાતમંદ પરિવારોને ગરમ ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. સહકારી પ્રવૃત્તિ સૌને સાથે લઈને ચાલતી પ્રવૃત્તિ છે તેની પ્રતીતિ કરાવતા આ કાર્યક્રમમાં ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.



હાલમાં પડી રહેલી હાડ થીજાવતી ઠંડીને ધ્યાને લઈ છેવાડાના વિસ્તારોમાં છૂટાછવાયા વસવાટ કરતા પરિવારોને આ મદદ પૂરી પાડવામાં આવી હતી. ઈફકોના ક્ષેત્રીય અધિકારી પ્રતિક રામાણીની યાદી મુજબ, આ ધાબળા વિતરણ અનેક પરિવારોને ઠંડીથી બચવામાં સહાયક પુરવાર થયું છે.

આ કાર્યક્રમમાં પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, અમર ડેરીના અધ્યક્ષ અશ્વિનભાઈ સાવલીયા, ગુજરાત પ્રદેશ ભાજપ યુવા મોરચાના ઉપાધ્યક્ષ મનિષ સંઘાણી, અમરેલી જિલ્લા ખરીદ-વેચાણ સંઘના અધ્યક્ષ જયંતિભાઈ પાનસુરીયા, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ પ્રતિનિધિ ચંદુભાઈ રામાણી, અમર ડેરી ડિરેક્ટર રાજેશભાઈ માંગરોળીયા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન તુષારભાઈ જોશી, નગરપાલિકા પૂર્વ કારોબારી ચેરમેન સુરેશભાઈ શેખવા, પૂર્વ જિલ્લા યુવા ભાજપ પ્રમુખ ભગીરથભાઈ ત્રિવેદી તેમજ રમણીકભાઈ માંગરોળીયા, દયાળભાઈ સંઘાણી, કાળુભાઈ કાછડીયા, મુકુંદભાઈ સેંજલીયા, ચતુરભાઈ કાકડીયા, ગણપતભાઈ સેંજલીયા, મુકેશભાઈ ધાનાણી અને ભરતભાઈ બાવીશી સહિત 'ટીમ સહકાર' ઉપસ્થિત રહી હતી.

# કુતાણા પ્રા.શાળામા પતંગોત્સવની ઉજવણી, શાળા તરફથી બાળકોને પતંગ-દોરા સહિત નાસ્તાની લ્હાણી

લીલીયા,તા.૧૩

ઉત્તરાયણ પૂર્વે લીલીયા તાલુકાના કુતાણા ગામની પ્રાથમીક શાળામાં બાળકોએ પતંગોત્સવની ઉજવણી કરી હતી. શાળા તરફથી દરેક બાળકોને પતંગ - દોરાનુ વિતરણ કરાયું હતુ. જે બાદ તમામ બાળકોએ મેદાનમાં પતંગોત્સવની પુરજોશમાં ઉજવણી કરી હતી. જે બાદ બાળકોને નાસ્તા સ્વરૂપે



તલ-શીંગની ચીકી અને મમરાના લાડવાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે જ તાલુકા પ્રા.શિ.સંઘ પ્રમુખના પ્રમુખ અશ્વિનભાઈ વિછીયા, શાળાના આચાર્ય નરેશભાઈ ખાચર સહિત સમગ્ર સ્ટાફે શાળાના બાળકોને સલામતી સાથે ઉત્તરાયણની ઉજવણી કરવા સમજણ આપી હતી.

# ઓરિસ્સા સરકારના અધિકારીઓ અમરેલી કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગની મુલાકાતે

અમરેલી,તા.૧૩

ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી દ્વારા આયોજિત 'એક્સપોઝર વિઝિટ પ્રોગ્રામ' અંતર્ગત આજે ઓડિશા સરકારના



ગ્રુપ-એ તથા ગ્રુપ-બીના ઉચ્ચ અધિકારીઓએ અમરેલી સ્થિત કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગના પ્રાયોગિક ફાર્મની વિશેષ મુલાકાત લીધી હતી. આ મુલાકાતનો મુખ્ય હેતુ ગુજરાત રાજ્યમાં સફળતાપૂર્વક અમલમાં રહેલી પ્રાકૃતિક ખેતી પદ્ધતિઓનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરી તેને ઓડિશા રાજ્યમાં અમલી બનાવવાનો હતો.

# ટેકાના ભાવે મગફળી-કપાસ ખરીદીની સમયમર્યાદામાં વધારો કરવા જનક તળાવીયાએ કરી કૃષીમંત્રીને રજૂઆત

**સમયમર્યાદામાં વધારો નહી થાય તો ખેડૂતોને ખુલ્લા બજારમાં માલ વેચવો પડે તેવી સ્થિતિ**

અમરેલી,તા.૧૩

રાજ્યના ખેડૂતોના હિતને ધ્યાનમાં રાખીને ધારાસભ્ય જનક તળાવીયાએ કૃષીમંત્રી જીતુભાઈ વાઘાણીને સરકારશ્રી દ્વારા ટેકાના ભાવે કરવામાં



આવતી મગફળી તથા કપાસની ખરીદીની સમયમર્યાદામાં વધારો કરવા અંગે મહત્વપૂર્ણ રજૂઆત કરી છે. રજૂઆતમાં જણાવાયું હતું કે હાલ નક્કી કરાયેલી સમયમર્યાદા દરમિયાન અનેક ખેડૂતો અનિયમિત વરસાદ, પાકમાં ભેજ, ખરીદી કેન્દ્રોમાં ભીડ, સુવિધાઓના અભાવ, વાહન વ્યવહાર તથા ઓનલાઈન નોંધણી જેવી સમસ્યાઓને કારણે સમયસર પોતાની ઉપજ વેચી શક્યા નથી. મગફળી અને કપાસ રાજ્યના મુખ્ય પાકો હોવાથી મોટી સંખ્યામાં ખેડૂતોની આવક આ પર આધારિત છે. સમયમર્યાદામાં વધારો નહીં થાય તો ખેડૂતોને ખુલ્લા બજારમાં ઓછા ભાવે પાક વેચવો પડશે અને આર્થિક નુકસાન વેઠવું પડશે.

# રાજુલામાં પીઆઈની અરસપરસ બદલી થતા કાર્યક્રમ યોજાયો

રાજુલા,તા.૧૩

રાજુલા પોલીસ સ્ટેશન ખાતે કાર્યક્રમ યોજાયો હતો. પીઆઈ એ. ડી. ચાવડાનો વિદાય સમારંભ અને



નવનિયુક્ત પીઆઈ વી.એમ. કોલાદરાનો આવકાર સમારંભ યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત પોલીસ સ્ટાફ અને અગ્રણીઓ દ્વારા વિદાય લઈ રહેલા એ.ડી. ચાવડાની પ્રશંસનીય કામગીરીને બિરદાવી તેમને ભાવભીની વિદાય આપવામાં આવી હતી. સાથે જ, નવા પીઆઈ વી.એમ. કોલાદરાનું પુષ્પગુચ્છથી સ્વાગત કરી આવકારવામાં આવ્યા હતા.










# રાજુલાના જૂની કાતર રોડ પર ટ્રકની જોરદાર ટક્કરથી બાઈક સવારનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત

રાજુલા, તા.૧૩

રાજુલા તાલુકાના જૂની કાતર રોડ પર એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. પૂરઝડપે આવી રહેલા એક ટ્રક ચાલકે મોટરસાયકલને પાછળથી ટક્કર મારતા, બાઈક સવાર એક વ્યક્તિનું ટ્રકના ટાયર નીચે કચડાઈ જવાથી સ્થળ પર જ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય એક વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચી હતી. મહેશભાઈ નાનજીભાઈ ચૌહાણે ટ્રક નં **GJ-01-BV-1302** ના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ અને મરનાર વ્યક્તિ પોતાની મોટરસાયકલ લઈને રાજુલાથી નવી બારપટોળી થઈને કોટડી ગામ તરફ આવેલા ખોડિયાર માતાજીના મંદિરે દર્શન કરવા જઈ રહ્યા હતા. આ દરમિયાન જૂની કાતર જવાના રોડ પર જૂની બારપટોળીની સીમમાં પરેશભાઈ સાવલીયાના ખેતર પાસે પોણા ત્રણ વાગ્યાની આસપાસ પાછળથી આવી રહેલા ટ્રકના ચાલકે પોતાનું વાહન પૂરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી બાઈકને ઓવરટેક કરવાનો પ્રયાસ કર્યો હતો. આ પ્રયાસમાં ટ્રક ચાલકે મોટરસાયકલને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતને પગલે ફરિયાદીને ખભા, કોણી અને મોઢાના ભાગે નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. જોકે, મરનાર વ્યક્તિ ટ્રકના પાછળના ટાયરની અડફેટે આવી જતાં તેમના માથા અને ખોપડીના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જ્યા બાદ ટ્રક ચાલક પોતાનું વાહન લઈને સ્થળ પરથી નાસી છૂટ્યો હતો.

# નીલકંઠ જ્વેલર્સ દ્વારા 'ખરીદી કરો અને ઈનામ જીતો' સ્કીમનો ભવ્ય લકી ડ્રો સંપન્ન


અમરેલી, તા.૧૩




અમરેલીના જાણીતા નીલકંઠ જ્વેલર્સ દ્વારા ગ્રાહકલક્ષી 'ખરીદી કરો અને ઈનામ જીતા' સ્કીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ૧૦-૦૧-૨૦૨૬ના રોજ શહેરની કડવા પટેલ સમાજ વાડી, હનુમાન પરા રોડ લકી ડ્રોનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ ડ્રોમાં પાચ એક્ટિવા સહિત કુલ ૧૦૧ જેટલા આકર્ષક ઈનામો ગ્રાહકોને પ્રાપ્ત થતા લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. નીલકંઠ જ્વેલર્સના ઓનર કેતનભાઈ ધોળકિયા તથા પ્રકાશભાઈ ધોળકિયાએ આ તકે જણાવ્યું હતું કે, સંસ્થા હંમેશા સુવર્ણના વેચાણ દ્વારા ગ્રાહકોના જીવનને વધારે સમૃદ્ધ બનાવવા માટે કાર્યરત છે. નીલકંઠ જ્વેલર્સનો મુખ્ય ધ્યેય ઉતમ સેવાઓ પ્રદાન કરી લોકોના જીવનને વધારે સમૃદ્ધ બનાવવાનો છે. સંસ્થા પોતાના વારસાગત સંસ્કારો, પ્રમાણિકતા અને અતૂટ વિશ્વાસના સંકલનથી ગ્રાહકોની અવિરત સેવા કરી રહી છે. આ વિશેષ કાર્યક્રમમાં રાજકીય મહાનુભાવો, સંતો-મહંતો તેમજ સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓના હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીમાં વેલનાથ સમૂહલગ્ન સમિતિ દ્વારા બે તબકકામાં સર્વજ્ઞાતિ સમૂહલગ્નનું આયોજન

અમરેલી, તા. ૧૩




અમરેલી શહેર ખાતે આગામી તા. ૨૨/૦૨/૨૦૨૬ તથા ૦૭/૦૩/૨૦૨૬ના રોજ જય વેલનાથ સમૂહલગ્ન સમિતિ ,અમરેલી આયોજિત બે તબકકામાં સર્વજ્ઞાતિ સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું છે. તેમા મર્યાદિત સંખ્યામા સમૂહલગ્ન યોજવાના હોય તેમજ સમૂહલગ્ન સમિતિ ધ્વારા નવદંપતિઓ તથા ઘર પરીવાર માટે કુલ ૧૨૫ વસ્તુ મધ્યમ કક્ષાની દાન-ભેટ સ્વરુપે દાતાઓ તથા સમિતિ તરફથી આપવામાં આવશે.આ સમૂહલગ્નમા વિકલાંગ મા-બાપ વગરના સંતાનો તેમજ લાંબી સજા (જેલવાસ) ભોગવતા મા-બાપના સંતાનોને અગ્રતા આપવામાં આવશે.

## બગસરા નગરપાલિકામાં પાલિકા પ્રમુખને બદલે તેમના પતિ નિર્ણય લેતા હોવાથી

# હાઈકોર્ટે તપાસના આદેશ આપ્યા : ચૂંટણી લડવાની યોગ્યતા ન હોય તો લડવી જોઈએ નહી

અમરેલી,તા.૧૩



બગસરા નગરપાલિકામાં મહિલા પ્રમુખના સ્થાને તેમના પતિ વહીવટ ચલાવતા હોવાના ગંભીર આક્ષેપ સાથે ગુજરાત હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરવામાં આવી છે. એડવોકેટ સિદ્ધાંત પારાસર મારફતે કરાયેલી અરજીમાં જણાવાયું છે કે, પ્રમુખ જ્યોત્સનાબેન રીબડીયાના બદલે તેમના પતિ અરવિંદભાઈ રીબડીયા 'પ્રોક્સી પ્રમુખ' તરીકે તમામ નિર્ણયો લે છે અને નગરપાલિકાની ખુરશી પર બેસી મીડિયાને સંબોધન પણ કરે છે. અરજદારે કોર્ટમાં પુરાવા રૂપે ફોટોગ્રાફ્સ રજૂ કરતા આક્ષેપ કર્યો હતો કે, મહિલા પ્રમુખના પતિ સરકારી ભંડોળનો દુરુપયોગ અને ભ્રષ્ટાચાર કરી રહ્યા છે, જેમાં સ્થાનિક અધિકારીઓની પણ સંડોવણી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઉપરોક્ત હુકમ કરનાર મહિલા જજ આજે નિવૃત્ત થઈ રહ્યા છે. તેમણે નોંધ્યું હતું કે જો તેઓ થોડો સમય વધુ હોત તો રિજીયોનલ કમિશનરને રૂબરૂ હાઈકોર્ટમાં બોલાવત પરંતુ હાઈકોર્ટની ટીપ્પણી બાદ પાલિકાની કામગીરી સામે સવાલો ઉભા થયા છે.

# ધારીના મનમંદિર શૈક્ષણિક સંકુલમાં પતંગ સ્પર્ધા યોજાઈ

ધારી, તા.૧૩



તસવીર : સંજય વાળા

ધારીની મનમંદિર શાળામાં પતંગોત્સવની ભવ્ય તૈયારી કરવામાં આવી હતી. જેમાં બાલમંદિરથી ધોરણ-૪ના બાળકો ઘરેથી પતંગ બનાવીને લાવ્યા હતા. ધોરણ-પાંચથી ૧૦ ના બાળકોએ નકામી વસ્તુમાંથી પતંગ બનાવી હતી. ત્યારબાદ બાળકોએ બનાવેલા પતંગને નંબર આપેલા હતા. કાર્યક્રમ સફળ બનાવવા સ્ટાફની મહેનત રંગ લાવી હતી એવું સંસ્થાના આચાર્ય પ્રિયંકાબેન વ્યાસે જણાવ્યું છે.

## વડોદરાથી દીવની સફર બની લોહીયાળ

# રાજુલા પાસે અર્ટિગા પલટી જતાં પુત્રવધૂનું મોત

**અન્ય બે મુસાફરોને ઈજા થતા દવાખાને ખસેડાયા**

રાજુલા, તા.૧૩

વડોદરાથી દીવ વેકેશન માણવા જઈ રહેલા એક પરિવારને રાજુલા નજીક કાળ ભેટ્યો હતો. પૂરઝડપે જતી અર્ટિગા કારના ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર ડિવાઈડર સાથે ભટકાઈને પલટી ગઈ હતી. આ અકસ્માતમાં પરિવારની પુત્રવધૂનું કરુણ મોત નીપજ્યું છે, જ્યારે અન્ય બે સભ્યોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. મળતી વિગતો અનુસાર, ફરિયાદી અને તેમનો પરિવાર ગત તા. ૧૧/૦૧/૨૬ના રોજ રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ વડોદરાથી દીવ જવા માટે પોતાની અર્ટિગા કારમાં નીકળ્યા હતા. તા. ૧૨/૦૧/૨૦૨૬ના વહેલી સવારે પાંચેક વાગ્યાના અરસામાં જ્યારે તેઓ મહુવા અને રાજુલા વચ્ચે વિક્ટર જવાના નેશનલ હાઈવે પર પહોંચ્યા ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. કાર ચાલક મુકેશ શોભારામ યાદવે પોતાની કાર પૂરઝડપે અને બેફિકરાઈથી ચલાવતા સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. જેના કારણે કાર રોડની જમણી સાઈડમાં ડિવાઈડર સાથે ધડાકાભેર ભટકાઈને હાઈવે પર જ પલટી મારી ગઈ હતી. આ ભયાનક અકસ્માતમાં ફરિયાદીની પુત્રવધૂ સ્વીટીને ગંભીર ઈજાઓ પહોંચતા તેનું પ્રાણપંખેરું ઊડી ગયું હતું. જ્યારે ફરિયાદી અને તેમના સંબંધીના દીકરા રોનીતને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. વડોદરાના પરિવારની દીવની સફર લોહીયાળ બનતા પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

# અવસાન નોંધ

**નાની પીડખાઈ**

સ્વ. જગદીશભાઈ વાલજીભાઈ ભટ્ટ(ઉ.વ.૯૦)નું તા.૧૨/૦૧/૨૦૨૬ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે રાજુભાઈ, હર્ષદભાઈ, દિનેશભાઈના પિતા તેમજ પ્રદીપભાઈ વ્યાસ રાજકોટના સસરા થાય છે. તેમનુ બેસણુ તા.૧૫/૦૧/૨૦૨૬ને ગુરુવારના રોજ નાની પીડખાઈ તેમના નિવાસ સ્થાને સવારે ૯થી ૬ રાખેલ છે.

**રાજકોટ**

જીતુભાઈ છગનભાઈ શાહ (ઉ.વ.૮૨) તે સ્વ. છગનલાલ ઉત્તમચંદ શાહના પુત્ર તેમજ નરેન્દ્રભાઈ, દિનેશભાઈ, અશોકભાઈ, સ્વ.જગદીશભાઈના ભાઈ તથા ભાવિનભાઈ, નેહલભાઈ અને નિશિતભાઈના પિતાનું તા. ૧૧ના અવસાન થયું છે. પ્રાર્થનાસભા તા.૧૫મીને ગુરુવારના રોજ સવારે ૧૦:૪૫ થી ૧૨ કલાકે નંદવાણા બ્રાહ્મણ બૉર્ડિંગ, જાગનાથ પ્લોટ શેરી નંબર- ૫ યાજ્ઞિક રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.







# જિલ્લામાંથી ત્રણ પ્યાસી પકડાયા

અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લામાંથી પોલીસે ત્રણ પ્યાસીને ઝડપી પાડ્યા હતા. ભેરાઈ, જાફરાબાદ અને રાજુલામાંથી એક-એક મળી કુલ ત્રણ ઈસમો પાસ પરમીટે કેફીપીણું પીધેલ હાલતમાં જાહેરમાં ફરતા મળી આવ્યા હતા. કડીયાળી ગામનો યુવક રાજુલા બસ સ્ટેશન પાસેથી કેફીપીણું પીધેલ હાલતમાં ફોર વ્હીલ ચલાવતા ઝડપાયો હતો.




## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં//-

નં.જન્મ-મરણ કેસ.નં.૨/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી પ્રતાપભાઈ નોઘણભાઈ રાઠોડ,
રહે.ડોળાસા, ગામ-ડોળાસા,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ .......અરજદાર
વકીલશ્રી બી.એન.વાઘેલા, કોડીનાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી કમમંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, ડોળાસા,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના **ડોળાસા** ગામના રહીશ **શ્રી પ્રતાપભાઈ નોઘણભાઈ રાઠોડના માતા સ્વ. જશુબેન નોઘણભાઈ રાઠોડનું** મરણ **તારીખ:૨૫/૦૭/૨૦૦૫** ના રોજ કોડીનાર તાલુકાના ડોળાસા ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ **કોડીનાર તાલુકાના ડોળાસાના સને.૨૦૦૫ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે.** જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૬/૦૧/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૭/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહિ**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં//-

નં.જન્મ-મરણ કેસ.નં.૩/૨૦૨૬

**પ્રતિ,**
શ્રી પામક દુધીબેન ભગવાનભાઈ,
રહે.આલીદર, ગામ-આલીદર,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ .......અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત મોટી ફાફણી,
તા.કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના **આલીદર** ગામના રહીશ **નારણભાઈ સીદીભાઈ રાઠોડ તથા લખમીબેન નારણભાઈ રાઠોડના પુત્રી દુધીબેન નારણભાઈ રાઠોડનો** જન્મ **તારીખ:૧૧/૦૨/૧૯૫૫** ના રોજ કોડીનાર તાલુકાના મોટી ફાફણી ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત મોટી ફાફણી તાલુકો-કોડીનાર સને-૧૯૫૫ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૬/૦૧/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૭/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહિ**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ.નં.૨૨૫/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી બેનાબેન નારણભાઈ ભાલીયા,
રહે. ગરાળ, ગામ-ગરાળ,
તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ
........અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી
ગ્રામ પંચાયત ગરાળા, તા. ઉના,
જિ. ગીરસોમનાથ ........સામાવાળા

**:: જાહેર નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉના તાલુકાના ગરાળ ગામના રહીશ નારણભાઈ ભીખાભાઈ ભાલીયા તથા બેનાબેન નારણભાઈ ભાલીયાના પુત્ર ધીરૂભાઈ નારણભાઈ ભાલીયાનો જન્મ તારીખ.૦૧/૦૬/૧૯૭૩ના રોજ ઉના તાલુકાના ગરાળ ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત ગરાળ, તાલુકો-ઉના સને-૧૯૭૩ના જન્મે રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૯/૦૧/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજે તા.૧૫/૧૨/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**(ડી.કે.ભીમાણી)**
**એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ,**
**ઉના**

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ.નં.૦૬/૨૦૨૬

**પ્રતિ,**
શ્રી બેનાબેન નારણભાઈ ભાલીયા,
રહે. ગરાળ, ગામ-ગરાળ,
તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ
........અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી
ગ્રામ પંચાયત ગરાળા, તા. ઉના,
જિ. ગીરસોમનાથ ........સામાવાળા

**:: જાહેર નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉના તાલુકાના ગરાળ ગામના રહીશ નારણભાઈ ભીખાભાઈ ભાલીયા તથા બેનાબેન નારણભાઈ ભાલીયાના પુત્રી જમનાબેન નારણભાઈ ભાલીયાનો જન્મ તારીખ.૦૧/૦૬/૧૯૮૦ના રોજ ઉના તાલુકાના ગરાળ ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત ગરાળ, તાલુકો-ઉના સને-૧૯૮૦ ના જન્મે રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૯/૦૧/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજે તા.૦૧/૦૧/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**(ડી.કે.ભીમાણી)**
**એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ,**
**ઉના**

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ.નં.૨૨૩/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી ભીમાભાઈ રામશીભાઈ લાખણોત્રા,
રહે. યાજપુર, ગામ-યાજપુર, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી એન.એન.શિયાળ, ઉના
........અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી
ગ્રામ પંચાયત કચેરી, યાજપુર,
તાલુકો-ઉના, જિલ્લો-ગીરસોમનાથ ........સામાવાળા

**:: જાહેર નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના યાજપુર ગામના રહીશ શ્રી ભીમાભાઈ રામશીભાઈ લાખણોત્રાના માતા સ્વ.કુંવરબેન રામશીભાઈ લાખણોત્રાનું મરણ તારીખ :૨૦/૦૪/૨૦૦૨ના રોજ ઉના તાલુકાના યાજપુર ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ ઉના તાલુકાના યાજપુરના સને.૨૦૦૨ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે.આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૯/૦૧/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજે તા.૦૫/૧૨/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**(ડી.કે.ભીમાણી)**
**એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ,**
**ઉના**

તંત્રી લેખ

# ગ્રામવિકાસ એટલે જ ગાંધી વિચાર

ભારતના વિકાસની સાચી સોનેરી ચાવી ગામડાંના વિકાસમાં છે-આ વાત મહાત્મા ગાંધી વારંવાર કહેતા. ગાંધીજી માટે ગ્રામવિકાસ માત્ર આર્થિક કાર્યક્રમ નહોતો, પરંતુ સ્વાવલંબન, માનવગૌરવ અને સામાજિક સમતાનો સંપૂર્ણ દ્રષ્ટિકોણ હતો. આજે સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી સાત દાયકાથી વધુ સમય વીતી ગયો છે, છતાં પ્રશ્ન એ છે કે શું આપણું ગામડું મજબૂત બન્યું છે? વાસ્તવિકતા એ છે કે વિકાસના દાવાઓ વચ્ચે પણ ગામડાં આજે વધુ સંકટમાં મૂકાયા છે. સરકારની અનેક પ્રકારની સહાય યોજના હોવા છતાં ખેડૂતો મુશ્કેલી અનુભવે છે તે હકીકત છે. સરકાર ખેડૂતોને વિવિધ પેકેજો આપે છે, આર્થિક સહાયતા આપે છે, સબસીડી આપે છે અને છતાં ખેડૂતોની મુશ્કેલી ખૂબ ધીમે ધીમે ઓછી થાય છે. ખેતી આધારિત અર્થતંત્ર વિશે વિચારવું હવે જરૂરી છે. ખેતીને આધુનિક રૂપ આપવાથી આ પ્રશ્નો હલ થવાના નથી. આધુનિક ખેતીમાં વધુમાં વધુ ઉત્પાદન મેળવીને વધુમાં વધુ નફો કમાવવાની વાત કેન્દ્રસ્થાને છે, પરંતુ તેને કારણે લાંબા ગાળે મુશ્કેલી ઊભી થાય છે યાંત્રિક ખેતીનો ખર્ચ વધે છે, જ્યારે બળદ આધારિત ખેતીથી ખર્ચ ઓછો થતો હતો..આજના ગ્રામવિકાસ માટે એવા ઉદ્યોગોની જરૂર છે કે જે ગામડાની હકીકત સાથે સુસંગત હોય. એવા ઉદ્યોગો, જ્યાં સ્થાનિક લોકો સાથે મળી કામ કરી શકાય, જ્યાં બહુ ઊંચી શિક્ષણલાયકાતની જરૂર ન પડે, અને જ્યાં ટૂંકા ગાળામાં કૌશલ્ય વિકસાવી રોજગાર મેળવી શકાય. ગ્રામ્ય ક્ષેત્રે વીજળી, પાણી, માર્ગ અને ડિજિટલ કનેક્ટિવિટી જેવી મૂળભૂત સુવિધાઓ પૂરી પાડવામાં આવે તો ગામડાંમાં પણ ઉદ્યોગો ફૂલીફાલી શકે. ગુજરાતનું ઉદાહરણ જોઈએ તો એક સમય હતો જ્યારે ટેક્સટાઈલ મિલો રોજગારનું મોટું સાધન હતી. આજે તે મિલો મોટા ભાગે બંધ થઈ ગઈ છે, કારણ કે આપણે વૈશ્વિક બજારની ભારે સ્પર્ધા સામે ટકી શક્યા નથી. વિશાળ કદના ઉદ્યોગોમાં મોટા પ્રમાણમાં મૂડીરોકાણ, મેનેજમેન્ટ, વહીવટી ખર્ચ અને જટિલ વ્યવસ્થાની જરૂર પડે છે. તેનો લાભ થોડા લોકોને મળે છે, જ્યારે જોખમ સમગ્ર સમાજ ભોગવે છે. તેના બદલે મધ્યમ કક્ષાની ટેકનોલોજી આધારિત ઉદ્યોગો વધુ યોગ્ય વિકલ્પ બની શકે છે. જ્યાં કાચો માલ મળે ત્યાં જ તેને પકવવાની વ્યવસ્થા ઊભી કરવામાં આવે તો પરિવહન ખર્ચ ઘટે, સ્થાનિક રોજગાર વધે અને ગામડાની અર્થવ્યવસ્થા મજબૂત બને. સૌરાષ્ટ્રનો હીરા ઉદ્યોગ તેનું ઉત્તમ ઉદાહરણ છે. અંદાજે ૧૪ લાખ જેટલા લોકો હીરા ઘસવાની કામગીરી સાથે જોડાયેલા છે. આ ક્ષેત્રમાં જોડાયેલા ઘણા લોકો બહુ ઊંચું શિક્ષણ કે ઔપચારિક ટેકનિકલ તાલીમ લીધેલી નથી, છતાં તેમણે પ્રેક્ટિકલ કૌશલ્ય દ્વારા રોજીરોટી મેળવી છે. અમરેલી, લાઠી પંથકના અનેક યુવાનો આજે સુરતની અંદર જબરજસ્ત ઔદ્યોગિક સામ્રાજ્ય ઉભુ કરી શક્યા છે, તે આનંદની વાત છે. આ વાત સ્પષ્ટ કરે છે કે ગામડાંના લોકોમાં કાર્યકુશળતા વિકસાવવાની ક્ષમતા છે. જરૂર છે યોગ્ય માર્ગદર્શન, તાલીમ અને બજાર સાથે જોડાણની. જો સરકાર અને સમાજ મળીને નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગોને પ્રાધાન્ય આપે, તો ગ્રામવિકાસ એક સપનું નહીં પરંતુ વાસ્તવિકતા બની શકે. મોટા ઉદ્યોગોનું આધુનિકરણ કરવાની જગ્યાએ સંતુલિત વિકાસનો માર્ગ અપનાવવો જરૂરી છે. અંતે કહી શકાય કે ગ્રામવિકાસ એટલે માત્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચર નથી, પરંતુ માનવીને તેના મૂળ સાથે જોડીને આત્મનિર્ભર બનાવવાનો પ્રયાસ છે. ગાંધીજીનો વિચાર આજે પણ એટલો જ પ્રાસંગિક છે-શરત એટલી કે આપણે તેને આધુનિક સમયની જરૂરિયાતો સાથે સમજીએ અને અમલમાં મૂકીએ. સાચો વિકાસ ત્યારે જ શક્ય બનશે જ્યારે ગામડું મજબૂત બનશે, અને ગામડું મજબૂત બનશે ત્યારે જ ભારત સાચો વિકાસશીલ બનશે.

### તારે આ પેસેન્જરોને બસમાં બેસાડવાના નથી એમ કહી હુમલો કર્યો

# લાઠીમાં પેસેન્જરો બેસાડવા બાબતે બસ સંચાલક પર હુમલો: જાનથી મારી નાખવાની ધમકી મળતા પોલીસ ફરિયાદ

લાઠી, તા.૧૩

અમરેલી જિલ્લાના લાઠી શહેરમાં ટ્રાવેલ્સની ઓફિસમાં કામ કરતા કર્મચારી પર પેસેન્જરો બેસાડવા જેવી સામાન્ય બાબતે કેટલાક શખ્સોએ હુમલો અને ગાળાગાળી કરીને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ઘટના સામે આવી હતી. આ અંગે દેવજીભાઈ સવજીભાઈ જાદવ (ઉ.વ.૪૬ એ સુરેશભાઈ તથા મહેશભાઈ ડાંગર સામે ફરિયાદ નોંધાવી હતી. મળતી માહિતી મુજબ, લાઠીમાં આવેલી 'ગુરુકપા ટ્રાવેલ્સ'ની ઓફિસમાં ફરજ બજાવતા ફરિયાદી, ગત રાત્રિના દસેક વાગ્યાના અરસામાં બુકિંગ કરાવેલા પેસેન્જરોને બસમાં બેસાડવાની કામગીરી કરી રહ્યા હતા. આ દરમિયાન ત્યાં આવેલા આરોપીઓએ અચાનક વિરોધ નોંધાવતા કહ્યું હતું કે, 'તારે આ પેસેન્જરોને બસમાં બેસાડવાના નથી.' કર્મચારીએ આ અંગે સમજાવવાનો પ્રયત્ન કરતા આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા અને જાહેરમાં બિભત્સ ગાળો આપી હતી. ત્યારબાદ આરોપીઓએ એકસંપ થઈ ફરિયાદી કર્મચારીને ઢીંકાપાટુ વડે શરીરે મુંઢમાર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છૂટ્યા હતા. આ મામલે ફરિયાદીએ લાઠી પોલીસ મથકમાં આરોપીઓ વિરુદ્ધ મારામારી, ગાળાગાળી, ધમકી અને ગુનામાં એકબીજાને મદદગારી કરવા બદલ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બ્રીજરાજસિંહ રઘુભા વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાના હાથસણી ગામે પ્રૌઢે બીમારીથી કંટાળી ગળાફાંસો ખાધો

સાવરકુંડલા, તા.૧૩

અમેરલી જિલ્લામાં અપમત્યુની વધુ ત્રણ ઘટના પોલીસ ચોપડે નોંધાઈ હતી. ધારીના દલખાણીયા ગામે રહેતા દિલુભાઈ વલિભાઈ પઠાણ (ઉ.વ.૭૦)એ જાહેર કર્યા મુજબ, સિકંદરભાઈ દિલુભાઈ પઠાણ (ઉ.વ.૪૪) કોઈ કામ ધંધો કે રોજગાર ન હોવાથી કંટાળી ગયા હતા. જેના કારણે ઘંઉમાં નાખવાનો ઝેરી પાઉડર પી જતા સારવાર દરમિયાન મરણ પામ્યા હતા. સાવરકુંડલાના હાથસણી ગામે રહેતા ઉદયભાઈ મનુભાઈ ખુમાણ (ઉ.વ.૩૩) એ જાહેર કર્યા મુજબ, મનુભાઈ એભલભાઈ ખુમાણ (ઉ.વ.૬૦)ને છેલ્લા ૨૦ વર્ષથી બ્લડપ્રેશ અને ડાયાબિટીસની દવા શરૂ હતી. જેનાથી કંટાળી જઈ દોરડા વળે ગળાફાંસો ખાઈ લેતા મરણ પામ્યા હતા. લીલીયા મોટામાં રહેતા ગીતાબેન નિતીનભાઈ પરમાર (ઉ.વ.૪૯) એ જાહેર કર્યા મુજબ, તેમના પતિ નિતીનભાઈ ભુપતભાઈ પરમાર (ઉ.વ.૪૮)ને પડી જવાથી માથાના ભાગે વાગવાથી મરણ પામ્યા હતા.

# ઉત્તરાયણ પર્વે સાવચેતી રાખવા ધારી PGVCLની અપીલ: વીજ તારમાં ફસાયેલી પતંગ કાઢવા પ્રયાસ ન કરવા તાકીદ

**ચાઈનીઝ દોરીનો ઉપયોગ ટાળવા અને વાહનચાલકોને મફલર પહેરવા અનુરોધ: ઈમરજન્સીમાં ૧૯૧૨ ડાયલ કરવા જણાવાયું**

અમરેલી, તા.૧૩

ઉતરાયણ પર્વ નિમિત્તે લોકો સુરક્ષિત રીતે તહેવારની મજા માણી શકે તે હેતુથી ધારી પીજીવીસીએલ ડિવિઝન-૧ દ્વારા સાવચેતીના પગલાં રૂપે નાગરિકોને અપીલ કરવામાં આવી છે. જેમાં ખાસ કરીને ઘાતક ચાઈનીઝ દોરીનો ઉપયોગ ન કરવા અને પોતાની તથા બીજાની સલામતી માટે તકેદારી રાખવા જણાવાયું છે. પીજીવીસીએલ દ્વારા સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે, વીજળીના પોલ કે તારમાં ફસાયેલી પતંગ કાઢવાનો પ્રયત્ન કરવો નહીં. ચાલુ વીજ પ્રવાહ દરમિયાન બેદરકાર બનીને પતંગ કાઢવા જતાં તાર તૂટી શકે છે, ગંભીર અકસ્માત સર્જાઈ શકે છે અને અનેક ઘરોનો વીજ પુરવઠો પણ ખોરવાઈ શકે છે. ઉપરાંત, વાહનચાલકોને પણ સાવચેતીના ભાગરૂપે ગળામાં મફલર અથવા સ્કાર્ફ પહેરવું હિતાવહ છે તેમ જણાવવામાં આવ્યું છે. વીજળી સંબંધિત કોઈ પણ ઈમરજન્સી ઊભી થાય તો ૧૯૧૨ ફ્રી ડાયલ સુવિધાનો લાભ લેવા માટે તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# લાઠીની ૧૦૮ એમ્બ્યુલન્સ બની જીવનરક્ષક: દુર્ગમ રસ્તાઓ પાર કરી સગર્ભાને સમયસર સારવાર અપાવી

લાઠી, તા.૧૩

લાઠી નજીક ગોવિંદપરા ગામથી જરખીયા જવાના રસ્તે વાડી વિસ્તારમાં તા. ૦૯/૦૧/૨૦૨૬ના રોજ એક શ્રમિક સગર્ભા મહિલાને અધૂરા મહિને દુખાવો ઉપડતા ૧૦૮ એમ્બ્યુલન્સ જીવનરક્ષક સાબિત થઈ હતી. ૧૦૮ને કોલ મળતા જ પાયલોટ હિતેશભાઈ રાજ્યગુરૂ અને ઈમરજન્સી મેડીકલ ટેકનીશીયન (EMT) ગોપીબેન



ગાંગડીયા તત્કાલ રવાના થયા હતા. વાડી તરફ જવાનો રસ્તો અત્યંત સાંકડો અને જોખમી હોવા છતાં, જ્યાં એમ્બ્યુલન્સ પલ્ટી મારી જવાનો ભય હતો, ત્યાં પાયલોટ હિતેશભાઈએ પોતાની સુઝબુઝથી સાવચેતીપૂર્વક વાહન છેક વાડી સુધી પહોંચાડ્યું હતું. ઘટનાસ્થળે પહોંચીને EMT ગોપીબેને સગર્ભાની તપાસ કરતા સ્થિતિ ગંભીર જણાઈ હતી. તેમણે તુરંત પોતાના ઉપરી અધિકારી ડૉ. રામની સરને જાણ કરી હતી અને ચાલુ એમ્બ્યુલન્સે ઓક્સિજન સહિતની જરૂરી સારવાર આપી હતી.

# લાઠીના ટોડા ગામના યુવાનને કાળ બનીને આવેલી કાર ભરખી ગઈ

લાઠી, તા. ૧૩

લાઠી-અમરેલી હાઈવે પર ટોડા ગામ પાસે ગોઝારો અકસ્માત સર્જાયો હતો. જેમાં પૂરઝડપે આવતી સ્વીફ્ટ કારે મોટરસાયકલને જોરદાર ટક્કર મારતા ૩૮ વર્ષીય યુવાનનું ગંભીર ઈજાઓ થવાને કારણે ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. આ અંગે ટોડા ગામે રહેતા ઘનશ્યામભાઈ વિઠ્ઠલભાઈ ઝાપડીયા (ઉ.વ.૩૭)એ સ્વીફ્ટ ફોરવ્હીલ રજી નં.GJ.૦૩-PA-૭૮૮૨ ના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. મળતી વિગતો અનુસાર, લાઠી તાલુકાના ટોડા ગામે રહેતા કનુભાઈ વિઠ્ઠલભાઈ ઝાપડિયા (ઉં.વ. ૩૮) પોતાનું મોટરસાયકલ (નંબર: GJ-૦૩-JJ-૨૯૮૮) લઈને પોતાની વાડીએથી ઘર તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન લાઠી-અમરેલી હાઈવે પર અશોકભાઈના ઘર પાસે પહોંચતા, લાઠી તરફથી આવી રહેલી એક સ્વીફ્ટ કાર (નંબર: GJ-૦૩-PA-૭૮૮૨) ના ચાલકે પોતાના હવાલાવાળી કાર પૂરઝડપે અને બેફિકરાઈથી ચલાવી કનુભાઈના બાઈક સાથે ધડાકાભેર ભટકાવી હતી. આ અકસ્માત એટલો જોરદાર હતો કે કનુભાઈને શરીરે નાની-મોટી અનેક ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેના કારણે તેમનું પ્રાણપંખેરુ ઊડી ગયું હતું. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી ફરાર કાર ચાલક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# બાબરાના ચમારડી ગામેથી બદકામના ઈરાદે પરપ્રાંતિય સગીરાનું અપહરણ

બાબરા, તા.૧૩

બાબરાના ચમારડી ગામેથી બદકામના ઈરાદે પરપ્રાંતિય સગીરાનું અપહરણ કરવામાં આવતા ચકચાર મચી ગઈ હતી.

મૂળ મધ્યપ્રદેશના અને હલ ચમારડી ગામે વાડીએ રહેતા સગીરાના પિતાએ તેમના જ રાજ્યના જાંબુઆ જિલ્લાના ખેરમાળ ગામના વિપુલ ભુરાભાઈ ગુંડીયા સામે ફરિયાદ નોંધાવી હતી. તેમની દિકરી સગીરવયની હોય તેમ જાણતા હોવા છતા આરોપી લલચાવી-ફોસલાવી, લગ્ન કરવાની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયો હતો. બાબરા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી આઈ આર.જી.ચૌહાણ વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૧૦ | ૧૬૨૪ |
| ઘઉં લોકવન | ૫૦૫ | ૫૩૫ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૬૧ |
| જુવાર સફેદ | ૮૦૦ | ૧૦૩૬ |
| બાજરી | ૩૦૦ | ૪૨૧ |
| તુવેર | ૯૨૦ | ૧૫૦૦ |
| ચણા પીળા | ૯૪૦ | ૧૧૨૦ |
| ચણા સફેદ | ૧૧૭૦ | ૨૦૨૫ |
| અડદ | ૮૬૦ | ૧૪૨૦ |
| મગ | ૧૧૦૦ | ૧૯૫૫ |
| વાલ દેશી | ૭૦૦ | ૧૦૯૬ |
| ચોળી | ૮૦૦ | ૧૩૦૦ |
| મઠ | ૧૧૨૦ | ૨૧૨૧ |
| વટાણા | ૨૯૯ | ૧૨૦૦ |
| કળથી | ૩૨૫ | ૪૧૧ |
| રાજમા | ૬૦૦ | ૧૪૦૧ |
| મગફળી જાડી | ૧૦૪૦ | ૧૩૮૭ |
| મગફળી જીણી | ૧૧૧૦ | ૧૪૩૦ |
| તલી | ૧૫૬૭ | ૨૦૨૫ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૬૨ |
| અજમો | ૧૭૭૦ | ૨૫૫૦ |
| સોયાબીન | ૮૭૦ | ૯૭૨ |
| સીંગફાડા | ૯૬૦ | ૧૫૫૦ |
| કાળા તલ | ૩૩૨૦ | ૫૦૦૦ |
| લસણ | ૧૧૦૦ | ૧૫૫૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૮૬૫ |
| મરચા સુકા | ૨૩૬૦ | ૪૭૨૦ |
| ધાણી | ૧૧૫૦ | ૧૯૪૮ |
| વરીયાળી | ૧૩૦૦ | ૧૬૦૦ |
| જીરૂ | ૩૮૦૦ | ૪૩૦૦ |
| રાય | ૧૫૫૦ | ૧૭૩૫ |
| મેથી | ૭૫૦ | ૧૩૩૧ |
| કલોંજી | ૩૭૦૦ | ૪૩૦૦ |
| રાયડો | ૧૧૦૦ | ૧૨૨૫ |
| રજકાનું બી | ૭૦૦૦ | ૮૪૦૦ |
| ગુવારનું બી | ૧૦૦૦ | ૧૦૬૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૨૨૨ | ૫૧૨ |
| પપૈયા | ૯૫ | ૧૪૫ |
| બટેટા | ૧૦૨ | ૩૩૬ |
| ડુંગળી સુકી | ૫૫ | ૨૬૦ |
| ટમેટા | ૫૦૭ | ૮૩૩ |
| સુરણ | ૬૨૫ | ૮૧૧ |
| કોથમરી | ૨૪૩ | ૪૦૨ |
| મુળા | ૪૧૨ | ૬૦૩ |
| રીંગણા | ૪૧૩ | ૭૮૯ |
| કોબીજ | ૧૨૩ | ૨૩૮ |
| ફ્લાવર | ૫૮૭ | ૭૯૧ |
| ભીંડો | ૭૮૧ | ૧૧૯૦ |
| ગુવાર | ૧૨૦૭ | ૧૯૮૧ |
| ચોળાસીંગ | ૭૯૬ | ૧૨૧૨ |
| વાલોળ | ૫૦૪ | ૬૯૩ |
| ટીંડોળા | ૫૧૧ | ૮૦૩ |
| દુધી | ૩૮૨ | ૫૯૩ |
| કારેલા | ૬૧૮ | ૭૮૭ |
| સરગવો | ૮૩૫ | ૧૪૨૩ |
| તુરીયા | ૧૦૧૭ | ૧૪૦૨ |
| પરવર | ૧૪૧૧ | ૧૭૯૩ |
| કાકડી | ૬૦૩ | ૮૧૪ |
| ગાજર | ૨૧૪ | ૩૧૧ |
| વટાણા | ૩૪૬ | ૫૨૭ |
| તુવેરસીંગ | ૪૮૩ | ૬૯૨ |
| ગલકા | ૬૨૪ | ૭૯૬ |
| બીટ | ૬૯ | ૧૪૩ |
| મેથી | ૧૫૧ | ૨૧૭ |
| વાલ | ૫૭૯ | ૯૮૪ |
| ડુંગળી લીલી | ૨૭૬ | ૪૦૯ |
| આદુ | ૯૨૪ | ૧૧૨૩ |
| ચણા લીલા | ૧૧૨ | ૩૭૯ |
| મરચા લીલા | ૨૧૭ | ૪૧૯ |
| હળદર લીલી | ૬૧૨ | ૭૯૭ |
| લસણ લીલું | ૮૧૨ | ૧૧૪૨ |
| મકાઇ લીલી | ૨૧૮ | ૪૦૨ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૨૫૧ | ૧૬૩૧ |
| ઘઉં લોકવન | ૫૧૬ | ૫૪૦ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૬૦૦ |
| મગફળી જીણી | ૧૧૨૫ | ૧૫૦૬ |
| સિંગ ફાડીયા | ૧૦૦૦ | ૧૩૨૧ |
| એરંડા / એરંડી | ૧૦૦૦ | ૧૩૨૧ |
| તલ લાલ | ૧૯૨૬ | ૧૯૨૬ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૪૦૧ |
| ધાણા | ૧૦૦૧ | ૨૧૫૧ |
| અડદ | ૮૧૧ | ૧૪૮૧ |
| મઠ | ૯૭૧ | ૯૭૧ |
| તુવેર | ૮૮૧ | ૧૪૭૧ |
| રાય | ૧૬૨૬ | ૧૬૫૧ |
| મેથી | ૭૨૧ | ૧૨૯૧ |
| કાંગ | ૫૦૧ | ૬૧૧ |
| ગુવાર બી | ૭૫૧ | ૭૫૧ |
| મગફળી જાડી | ૧૦૭૧ | ૧૪૦૧ |
| નવા ધાણા | ૧૪૫૧ | ૨૦૯૧ |
| નવી ધાણી | ૨૦૦૧ | ૨૨૭૬ |
| નવું જીરૂ | ૪૦૦૧ | ૮૧૦૧ |
| સફેદ ચણા | ૧૦૪૧ | ૧૯૫૧ |
| મગફળી ૬૬ | ૧૨૩૧ | ૧૫૭૬ |
| તલ - તલી | ૧૨૦૧ | ૨૦૭૧ |
| ધાણી | ૧૧૦૧ | ૨૨૨૬ |
| ડુંગળી સફેદ | ૨૦૧ | ૩૭૬ |
| બાજરો | ૩૫૧ | ૪૫૧ |
| જુવાર | ૪૦૦ | ૯૫૧ |
| મકાઇ | ૩૮૧ | ૩૮૧ |
| મગ | ૮૫૧ | ૧૮૧૧ |
| ચણા | ૧૦૧૧ | ૧૧૬૬ |
| વાલ | ૫૫૦ | ૯૫૧ |
| ચોળા / ચોળી | ૫૫૧ | ૧૧૦૧ |
| સોયાબીન | ૮૭૬ | ૯૬૬ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૧૯૧ |
| વટાણા | ૭૫૧ | ૧૦૭૬ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૩૦૦ | ૮૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૭૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૨૬૦૦ |
| કોબી | ૫૦ | ૪૦૦ |
| દુધી | ૨૦૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૫૦ | ૫૦૦ |
| કાકડી | ૨૦૦ | ૯૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૩૦૦ |
| ગલકા | ૨૦૦ | ૮૦૦ |
| ગાજર | ૧૪૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૮૦૦ |
| તુવેર | ૩૦૦ | ૮૦૦ |
| વાલ | ૨૦૦ | ૯૦૦ |
| વટાણા | ૨૦૦ | ૭૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૬૪૦ |
| બટેટા | ૧૫૦ | ૨૫૦ |
| લીલી હળદર | ૩૦૦ | ૮૦૦ |
| ડુંગળી પુરા | ૨ | ૪ |
| કોથમીર પુરા | ૨ | ૩ |
| મૂળા પુરા | ૨ | ૫ |
| ફોદીનો પુરા | ૧ | ૩ |
| શેરડી | ૧૪૦ | ૨૦૦ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૦૦ |
| પચકારુ | ૪૦૦ | ૪૪૦ |
| ચૂરણ | ૮૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૩૦૦ |
| લીંબુ | ૧૨૦ | ૫૦૦ |
| મેથી પુરા | ૧ | ૬ |
| બીટ પુરા | ૭ | ૮ |
| સરગવો પુરા | ૧૦ | ૨૦ |
| ચોરા | ૧૮૦ | ૧૨૦૦ |
| કારેલા | ૨૦૦ | ૧૩૦૦ |
| વાલોર | ૨૦૦ | ૬૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૨૦૦ |
| પાલક પુરા | ૧ | ૫ |
| **અમરેલી** | | |
| કપાસ | ૧૦૧૫ | ૧૬૮૦ |
| શિંગ મઠડી | ૯૫૦ | ૧૩૯૦ |
| શિંગ મઠડી | ૧૨૪૦ | ૧૨૪૦ |
| ગીરનાર શિંગ | ૧૧૮૦ | ૧૩૯૫ |
| શિંગ મોટી | ૯૭૦ | ૧૪૩૦ |
| શિંગ દાણા | ૯૦૦ | ૧૫૧૦ |
| તલ સફેદ | ૧૨૭૦ | ૨૨૫૦ |
| તલ કાળા | ૨૪૦૦ | ૪૬૯૦ |
| તલ કાશમીરી | ૧૩૩૦ | ૨૧૩૫ |
| બાજરો | ૩૧૦ | ૩૧૦ |
| જુવાર | ૮૯૫ | ૮૯૫ |
| ઘઉં ટુકડા | ૪૭૫ | ૫૮૦ |
| ઘઉં લોકવન | ૪૪૫ | ૫૫૫ |
| મકાઈ | ૪૫૦ | ૪૫૦ |
| અડદ | ૯૦૦ | ૧૨૮૦ |
| ચણા | ૭૦૦ | ૧૧૦૫ |
| ચણા સફેદ | ૮૦૦ | ૧૧૨૦ |
| ચણા છોલે | ૧૪૦૦ | ૧૫૨૦ |
| તુવેર | ૧૦૪૦ | ૧૪૫૫ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૮૫ |
| જીરુ | ૨૫૦૦ | ૪૨૬૦ |
| ધાણા | ૧૭૪૦ | ૧૯૬૫ |
| સોયાબીન | ૭૫૦ | ૯૭૫ |
| મરચાં લાંબા | ૧૦૦૦ | ૪૮૯૦ |
| કાંગ | ૫૬૫ | ૫૬૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૨૦ | ૩૨૦ |
| રીંગણા | ૩૦૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૫૦૦ |
| કોબીઝ | ૨૧૦ | ૨૬૦ |
| શકકરીયા | ૬૦૦ | ૮૦૦ |
| ટમેટાં | ૬૦૦ | ૭૫૦ |
| સુરણ | ૬૧૦ | ૭૧૦ |
| ગાજર | ૩૦૦ | ૫૦૦ |
| દુધી | ૩૦૦ | ૪૦૦ |
| કારેલા | ૬૦૦ | ૮૦૦ |
| ગલકા | ૫૦૦ | ૭૦૦ |
| મુળા | ૨૦૦ | ૩૦૦ |
| કાકડી | ૩૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૩૦૦ | ૪૦૦ |
| વટાણા | ૫૦૦ | ૬૦૦ |
| ચોળા લીલા | ૫૦૦ | ૭૦૦ |
| તુરીયા | ૮૨૦ | ૧૦૨૦ |
| આમળા | ૬૨૦ | ૭૨૦ |
| તુવેર | ૬૦૦ | ૭૦૦ |
| ભીડો | ૬૧૦ | ૧૦૧૦ |
| હળદર લીલી | ૪૧૦ | ૮૧૦ |
| આદુ | ૧૦૧૦ | ૧૨૧૦ |
| કોથમીર | ૩૦૦ | ૪૦૦ |
| મેથીભાજી | ૨૫૦ | ૩૦૦ |
| ફોદીનો | ૬૦૦ | ૭૦૦ |
| ટીંડોરા | ૬૨૦ | ૭૨૦ |
| બીટ | ૨૧૦ | ૩૧૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૩૦૦ |
| મરચાં લીલા | ૫૦૦ | ૬૦૦ |
| મરચાં લાલ | ૭૨૦ | ૮૨૦ |
| ડુંગળી લીલી | ૩૧૦ | ૪૧૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૮૦ |
| લસણ લીલુ | ૮૦૦ | ૧૦૦૦ |
| લસણ સુકુ | ૬૦૦ | ૧૮૦૦ |
| પાલક | ૪૦૦ | ૫૦૦ |
| લીંબુ | ૨૨૦ | ૩૨૦ |
| મકાઈ | ૩૧૦ | ૪૧૦ |
| **સાવરકુંડલા** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૬૨૧ |
| શીંગ જીણી | ૧૦૯૦ | ૧૩૬૦ |
| શીંગ મોટી | ૧૧૦૦ | ૧૩૭૫ |
| તલ | ૧૬૫૦ | ૨૦૫૧ |
| તલ કાળા | ૨૬૭૫ | ૪૫૧૧ |
| જીરૂ | ૩૭૦૫ | ૩૮૭૦ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૫૦ |
| બાજરો | ૩૦૦ | ૫૦૫ |
| જુવાર | ૯૦૦ | ૧૧૧૦ |
| ચણા | ૮૫૦ | ૯૯૦ |
| તુવેર | ૧૧૦૦ | ૧૪૭૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૩૫ |
| ધાણા | ૧૪૦૦ | ૧૭૫૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૬૦ | ૧૬૪૫ |
| કપાસ જૂનો | ૧૩૬૦ | ૧૪૫૦ |
| મગફળી | ૧૧૨૦ | ૧૩૭૦ |
| તલ | ૧૫૪૫ | ૧૯૮૫ |
| તલ કાળા | ૩૧૧૦ | ૪૨૩૦ |
| જીરૂ | ૩૨૨૦ | ૪૧૯૦ |
| ઘઉં | ૪૯૭ | ૫૩૧ |
| ચણા | ૯૧૫ | ૧૦૫૫ |
| અડદ | ૯૪૦ | ૧૧૯૦ |
| તુવેર | ૯૯૦ | ૧૩૮૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૧૪ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૩૦ |
| ચણા | ૯૧૦ | ૧૦૦૦ |
| ધાણા | ૧૭૪૦ | ૧૭૭૦ |
| રાય | ૯૦૫ | ૯૦૫ |
| સોયાબીન | ૮૮૦ | ૯૭૧ |
| મગફળી | ૧૧૦૦ | ૧૩૯૦ |
| મેથી | ૫૦૦ | ૮૯૦ |
| શીંગ દાણા | ૧૧૫૦ | ૧૩૯૦ |
| લસણ | ૬૧૦ | ૬૧૦ |
| તુવેર | ૯૪૫ | ૯૪૫ |
| બાજરો | ૪૦૦ | ૪૦૦ |
| તલ સફેદ | ૧૩૦૦ | ૧૫૦૦ |
| વાલ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| તલકાળા | ૧૮૦૦ | ૧૮૦૦ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૨૨૯ | ૧૫૪૯ |
| **ધારી** | | |
| મગફળી | ૯૪૫ | ૧૩૧૫ |
| ઘઉં | ૪૨૧ | ૫૧૧ |
| શીંગ દાણા | ૧૧૧૦ | ૧૪૦૦ |
| શીંગ ફાડા | ૧૫૦૧ | ૧૫૦૧ |
| **રાજુલા** | | |
| મગફળી | ૧૧૩૦ | ૧૩૦૯ |
| તલ | ૨૦૦૧ | ૨૦૦૧ |
| તલ પીળા | ૪૧૪૧ | ૪૧૪૧ |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૨૫ |
| બાજરો | ૩૮૫ | ૪૨૫ |
| ઘઉં ટુકડા | ૫૫૦ | ૫૭૫ |
| જુવાર | ૬૫૦ | ૧૧૪૨ |
| મકાઈ | ૩૬૧ | ૩૬૧ |
| મગ | ૧૧૦૦ | ૨૨૭૫ |
| અડદ | ૮૬૧ | ૧૩૦૦ |
| તુવેર | ૧૨૫૧ | ૧૩૭૧ |
| ચણા | ૮૦૧ | ૧૧૦૦ |
| સોયાબીન | ૫૦૦ | ૬૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૬૨૧ |
| ઘઉં | ૪૦૧ | ૫૨૫ |
| ચણા | ૭૦૧ | ૧૦૨૬ |
| મગફળી | ૭૦૧ | ૧૩૫૬ |
| શિગફાડા | ૧૧૦૧ | ૧૩૩૧ |
| તલ સફેલ | ૧૩૦૧ | ૧૯૭૬ |
| જીરૂ | ૨૦૦૧ | ૪૨૦૬ |
| ધાણા | ૧૧૦૧ | ૧૮૧૬ |
| સોયાબીન | ૭૦૧ | ૯૬૧ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૮૧ | ૧૬૧૦ |
| મગફળી | ૧૦૩૧ | ૧૩૯૦ |
| સોયાબીન | ૮૦૧ | ૯૨૧ |
| ધાણા | ૧૧૧૧ | ૧૬૦૧ |
| **જામનગર** | | |
| જુવાર | ૭૦૦ | ૯૩૦ |
| બાજરો | ૩૫૦ | ૪૯૦ |
| ઘઉં | ૪૦૦ | ૫૬૬ |
| મગ | ૧૨૦૦ | ૧૫૮૫ |
| અડદ | ૯૦૦ | ૧૨૮૦ |
| ચોળી | ૭૦૦ | ૭૫૦ |
| વાલ | ૧૧૦૦ | ૧૫૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૨૫ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૪૫૦ |
| મગફળી જીણી | ૧૨૦૦ | ૧૩૬૦ |
| મગફળી જાડી | ૧૨૦૦ | ૧૬૫૦ |
| મગફળી ૬૬ન | ૧૩૦૦ | ૧૨૫૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૩૦ |
| તલ | ૧૭૦૦ | ૧૯૨૫ |
| લસણ | ૧૦૦૦ | ૧૬૩૫ |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૩૦ |
| જીરૂ | ૩૨૦૦ | ૪૨૮૦ |
| અજમો | ૧૪૦૦ | ૪૨૭૦ |
| અજમાની ભુસી | ૧૪૦૦ | ૪૨૭૦ |
| ધાણા | ૧૫૭૦ | ૧૯૭૦ |
| મરચા | ૧૩૦૦ | ૫૮૮૫ |
| સોયાબીન | ૮૦૦ | ૯૮૫ |
| વટાણા | ૮૦૦ | ૧૩૩૫ |
| રાજમા | ૯૦૦ | ૯૩૦ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૧૦૫૦ | ૧૨૭૬ |
| શીંગ ૩૯ | ૧૧૯૫ | ૧૨૭૦ |
| શીંગ જી-૨૦ | ૧૦૮૦ | ૧૩૧૧ |
| બાજરી | ૩૬૪ | ૭૧૮ |
| ઘઉં ટુકડા | ૪૮૧ | ૬૨૦ |
| અડદ | ૮૮૫ | ૮૮૫ |
| મગ દેશી | ૮૦૨ | ૨૯૦૦ |
| સોયાબીન | ૮૧૧ | ૧૦૦૦ |
| તલ સફેદ | ૧૮૫૨ | ૧૯૦૦ |
| તલ કાળા | ૩૦૫૪ | ૩૦૫૪ |
| તુવેર | ૧૧૯૨ | ૧૧૯૨ |
| લસણ | ૧૭૦૧ | ૧૭૦૧ |
| ડુંગળી લાલ | ૬૦ | ૩૩૫ |
| ડુંગળી સફેદ | ૧૫૩ | ૩૯૨ |
| કપાસ શંકર | ૧૧૯૦ | ૧૫૦૮ |
| નાળીયેર | ૪૫૧ | ૨૫૫૦ |

....જીપ્સમ....
ખેતીની જમીન માટે
લુઝ ટ્રક લોડીંગ ચાલુ
૨૮ થી ૪૦ ટન સુધી
--:: સંપર્ક ::--
૯૪૨૬૯ ૮૯૫૭૬



લાગે તો તીર : -કેમ કેમ? હું કાંઈ લોટરીવાળો છું? 06

# મકરસંક્રાંતિ અને ઉત્તરાયણ : દિવસ એક, તહેવાર બે



આજે મકરસંક્રાંતિ છે અને ઉત્તરાયણ પણ છે.

સામાન્ય લોકોમાંથી મોટા ભાગના ઉત્તરાયણ અને મકર સંક્રાતિને એક જ માને છે કેમ કે મોટા ભાગનાં વરસોમાં મકરસંક્રાંતિ અને ઉત્તરાયણ એક જ દિવસે એટલે કે ૧૪ જાન્યુઆરીએ આવે છે પણ વાસ્તવમાં ઉત્તરાયણ ને મકર સંક્રાંતિ અલગ અલગ તહેવાર છે. આ બંને સંપૂર્ણ શુધ્ધ ભારતીય તહેવારોની ઉજવણી બે અલગ અલગ ભારતીય શાસ્ત્રોના આધારે થાય છે.

ઉત્તરાયણની ઉજવણી ખગોળશાસ્ત્ર અને મકરસંક્રાતિની ઉજવણી જ્યોતિષશાસ્ત્રના આધારે થાય છે પણ યોગાનુયોગ એવો બન્યો છે કે, બંને સામાન્ય રીતે ૧૪ જાન્યુઆરીએ આવે છે તેથી મકરસંક્રાંતિ ઉત્તરાયણનું જ બીજું નામ છે એવી માન્યતા થઈ ગઈ છે.

જો કે મકરસંક્રાંતિ અને ઉત્તરાયણ દર વરસે ૧૪ જાન્યુઆરીએ સાથે જ હોય એવું નથી બનતું. ઉત્તરાયણ દર વરસે ૧૪ જાન્યુઆરીએ જ ઉજવાય છે પણ મકરસંક્રાંતિ ઘણી વાર ૧૪ જાન્યુઆરીએ નથી હોતી. અંગ્રેજી કેલન્ડરમાં લિપ યર હોય છે. દર ચાર વરસે આવતા લિપ યરમાં ફેબ્રુઆરીમાં ૨૮ દિવસ હોય છે. સામાન્ય રીતે લિપ યરમાં મકરસંક્રાંતિ ૧૫ જાન્યુઆરીએ હોય છે.

૨૦૨૦માં મકરસંક્રાંતિ ૧૫ જાન્યુઆરી હતી કેમ કે ૧૪ જાન્યુઆરીએ સાંજે ૫.૫૮ વાગ્યે જ સૂર્ય અસ્ત થઈ જતાં દિવસ સમાપ્ત થઈ ગયો હતો. એ પછી સાંજે ૭.૨૭ વાગ્યાથી સૂર્યે મકર રાશિમાં પ્રવેશ કર્યો હતો. સંક્રાંતિ સૂર્યનો તહેવાર છે પણ સૂર્ય મકર રાશિમાં પ્રવેશે ત્યારે સૂર્ય સાક્ષી ન હોવાથી મકરસંક્રાંતિ ૧૫ જાન્યુઆરીના રોજ ઉજવાઈ હતી. ભારતમાં દિવસની શરૂઆત સૂર્યોદયથી થાય છે તેથી પણ આ પરંપરા છે. ૨૦૧૬માં પણ ૧૫ જાન્યુઆરીએ મકરસંક્રાંતિ મનાવાઈ હતી. મકરસંક્રાંતિ પવિત્ર સ્નાન, દાન-પુણ્ય માટે શ્રેષ્ઠ મનાય છે અને આ બધું ૧૫ જાન્યુઆરીએ થયું હતું.

આ વરસે પણ મકરસંક્રાંતિ ૧૪ જાન્યુઆરી અને ૧૫ જાન્યુઆરી એમ બે દિવસમાં વહેંચાયેલી છે. જ્યોતિષીઓની ગણતરી પ્રમાણે, ૧૪ જાન્યુઆરીએ બપોરે ૩.૦૭ કલાકે સૂર્ય મકર રાશિમાં પ્રવેશશે. ભારતીય પરંપરામાં શરૂઆત પછીના ઓછામાં ઓછા ૧૮ કલાક એ તિથિ રહે છે તેથી ૧૫ જાન્યુઆરીની સવાર સુધી મકરસંક્રાંતિ રહેશે.

સામાન્ય રીતે મકરસંક્રાંતિના દિવસથી કમૂરતાં ઉતરી જાય છે એવી માન્યતા છે પણ આ વખતે ૧૪ જાન્યુઆરીએ ષટતિલા એકાદશી હોવાથી મકરસંક્રાંતિના દિવસથી શુભ કાર્યોનો પ્રારંભ નહીં કરી શકાય. બલ્કે ૨ ફેબ્રુઆરથી કમૂરતાં પૂરાં થશે.

■■■

મકરસંક્રાંતિ શું છે ?

ભારતમાં મકરસંક્રાતિ જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે ઉજવાય છે. સંસ્કૃતમાં સંક્રાંતિ શબ્દનો અર્થ એક સ્થાનથી બીજા સ્થાને જવું એવો થાય છે. જ્યોતિષશાસ્ત્રમાં સૂર્ય એક રાશિમાંથી બીજી રાશિમાં સ્થાનાંતર કરે તેને સંક્રાંતિ કહે છે. ભારતીય જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે કુલ ૧૨ રાશિ છે તેથી વાસ્તવમાં વર્ષમાં કુલ બાર સંક્રાંતિ થાય છે પણ આપણે મકર સંક્રાંતિની જ ઉજવણી કરીએ છીએ. એ પાછળનું ચોક્કસ કારણ ખબર નથી પણ એવું મનાય છે કે, ખેતીપ્રધાન ભારતમાં શિયાળામાં પાકતું ધાન આખું વરસ લોકોને જીવતા રાખતું તેથી ખેતી માટે આ પાક સૌથી મહત્વનો હતો. આ પાક સારો ઉતરે તો આખું વરસ ચિંતામુક્ત થઈ જવાતું તેથી મકરસંક્રાંતિની ઉજવણી જોશભેર થતી.

રસપ્રદ વાત એ છે કે, ભારતમાં બીજી કોઈ સંક્રાંતિની ઉજવણી નથી થતી. સૂર્ય ધનુ અથવા તો ધન રાશિમાંથી મકરમાં પ્રવેશ કરે ત્યારે મકરસંક્રાંતિ શરૂ થાય છે. સૂર્ય મકર રાશિમાં પ્રવેશે તેના બે દિવસ બાદ જ કર્ક રાશિમાં પ્રવેશ કરે છે પણ ઉજવણી મકરસંક્રાંતિની જ થાય છે.

મકરસંક્રાંતિ સમગ્ર દક્ષિણ પૂર્વ એશિયામાં મનાવાય છે એ જોતાં આ તહેવાર માત્ર ભારતીય નથી રહ્યો. એશિયાના અલગ અલગ વિસ્તારોમાં થોડા સ્થાનિક ફેરફાર સાથે મકરસંક્રાંતિ મનાવાય છે. ઉતર ભારતમાં હિમાચલ પ્રદેશ અને પંજાબમાં લોહડી અથવા લોહળી તરીકે જ્યારે બિહારમાં સંક્રાંતિ તરીકે ઉજવાય છે. આસામમાં ભોગાલી બિહુ તરીકે જ્યારે પશ્ચિમ બંગાળ, રાજસ્થાન, ગુજરાત અને ઓડિશામાં મકરસંક્રાંતિ તરીકે ઉજવણી થાય છે. મહારાષ્ટ્રમાં તેને માત્ર સંક્રાંત કહે છે.



બ્રેકિંગ પોઈન્ટ
નેહા શર્મા

દક્ષિણ ભારતમાં તમિલનાડુમાં પોંગલ, આંધર અને તેલંગાણામાં તેલુગ જ્યારે કર્ણાટકમાં સંક્રાન્થી તરીકે ઉજવણી થાય છે. સબરીમાલા મંદિરમાં તો આ દિવસે મકર વલ્લાક ઉત્સવ ઉજવાય છે. નેપાળમાં થારૂ લોકો માઘી તરીકે જ્યારે અન્ય લોકો માઘ સંક્રાંતિ કે માઘ સક્રાતિ તરીકે ઉજવે છે. થાઈલેન્ડમાં સોંગ્કાન, લાઓસમાં પિ મા લાઓ અને મ્યાનમારમાં થિંગયાન તરીકે ઉજવણી થાય છે.

■■■

ઉત્તરાયણ વિશે એક રસપ્રદ વાત જાણવા જેવી છે.

આપણે ઉત્તરાયણની ઉજવણી ૧૪ જાન્યુઆરીએ કરીએ છીએ પણ વાસ્તવમાં ઉત્તરાયણ બહુ પહેલાં શરૂ થઈ જાય છે. ઉત્તરાયણનો પ્રારંભ ૨૧-૨૨ ડિસેમ્બરથી થઈ જાય છે પણ તેની ઉજવણી ૧૪ જાન્યુઆરીએ થાય છે કેમ કે શિયાળુ પાક લેવાઈ ગયો હોવાથી લોકો નવરા થઈ જતા. પાકના ભંડાર ભર્યા હોય તેથી અનાજનું દાન પણ કરી શકાતું અને ઉજવણી પણ હળવાફુલ થઈને કરી શકાતી.

ઉત્તરાયણ ખગોળશાસ્ત્ર પ્રમાણે ઉજવાતો તહેવાર છે. એક સમયે ભારત ખગોળશાસ્ત્રમાં બહુ આગળ હતું અને દુનિયાના કોઈ દેશ પાસે ના હોય એવું ખગોળજ્ઞાન ભારતીયો પાસે હતું. આ જ્ઞાનમાંથી જ ઉત્તરાયણની ઉજવણી શરૂ થઈ.

ખગોળશાસ્ત્ર પ્રમાણે સૂર્ય સ્થિર છે જ્યારે પૃથ્વી સૂર્યની આસપાસ પરિભ્રમણ કરે છે. પૃથ્વી પોતાની ધરી પર પણ પરિભ્રમણ કરે છે. પૃથ્વી એક વર્ષમાં સૂર્યની પ્રદક્ષિણા પૂરી કરે છે. ભમરડાની જેમ પૃથ્વી સૂર્યની સાપેક્ષ પોતાની ધરી પર સાડા ત્રેવીસ ડિગ્રી નમીને ફરે છે. એક સોલાર વર્ષ દરમિયાન બે વાર પૃથ્વી પોતાની ધરી પર નમન બદલે છે. આ પૈકી ૨૨ ડિસેમ્બરે પૃથ્વીનો ઉત્તર ધ્રુવ સાડા ત્રેવીસ અંશ નમે તેને ઉત્તરાયણ કહેવાય છે. તેની પહેલાંનો દિવસ એટલે કે ૨૧ ડિસેમ્બર વરસનો સૌથી ટૂંકો દિવસ હોય છે તેથી વાસ્તવિક રીતે ઉત્તરાયણનો પ્રારંભ ૨૧-૨૨ ડિસેમ્બરથી થઈ જાય છે પણ ઉજવણી ૧૪ જાન્યુઆરીએ થાય છે.

■■■

ઉત્તરાયણ અને મકરસંક્રાંતિ બને સૂર્ય ઉપાસનાનાં પર્વ છે.

આપણે અત્યારે અલગ અલગ દેવી-દેવતાઓને પૂજીએ છીએ અને હિંદુત્વ તેમની આસપાસ કેન્દ્રિત થઈ ગયું છે પણ આ ધરતીની પ્રજા મૂળ કુદરતની પૂજક હતી. માણસને જીવાડે એ બધાં તેના માટે પૂજનીય હતા. સૂર્યદેવ પ્રકાશ આપતા ને ઉર્જા આપતા તેથી પૂજાતા હતા. નદી પાણી આપે તેથી માતા ગણાતી તો ગાય પૌષ્ટિક તત્વો ધરાવતું દૂધ આપે તેથી માતા હતી.

ધરતી અનાજ આપીને જીવન આપતી તેથી માતા હતી તો વૃક્ષ ફળ, ફૂલ, લાકડું વગેરે આપતા અને તેમાંથી જંગલી જાનવરો સામે લડવા માટેના હથિયાર બનતા તેથી વૃક્ષોની પૂજા થતી. પવન, અગ્નિ, વરસાદ વગેરે આ કારણે જ પૂજાતા. ગાયમાં ૩૩ કરોડ દેવોનો વાસ છે તેથી પૂજનીય છે કે વૃક્ષમાં ફલાણા ભગવાનનો વાસ છે તેથી તેની પૂજા કરવી જોઈએ એ બધું પછી આવ્યું.

ભારતમાં પ્રાચીનકાળથી સૂર્યઉપાસનાનું મહત્ત્વ હતું, વિશ્વના સૌથી પ્રાચીન ગ્રંથ મનાતા ઋગ્વેદમાં સૂર્ય ઉપાસનાનો ઉલ્લેખ છે. ઋગ્વેદમાં સૂર્ય માટે 'પતંગ' શબ્દ વપરાયો છે. વેદકાળમાં સૂર્યને લગતા અનેક મંત્રો છે. પ્રાચીન ગ્રંથોમાં સૂર્યદેવને કલ્યાણ થાય તથા અમંગળ, દરિદ્રતા અને રોગ દૂર થાય તેવી વિનંતી કરતા ઘણા મંત્રો છે.

આપણા જ્ઞાની ઋષિ-મૂનિઓને સૂર્યના તેજ અને તાપથી થતા ફાયદા વિશે ખબર હતી તેથી મંત્રો દ્વારા તેમની તરફ આભાર વ્યક્ત કરતા. અત્યારની જેમ ભગવાન રીઝે અને આપણને ફાયદો કરાવી દે એવી સ્વાર્થની લાગણી નહોતી પણ ઉપાસના પાછળ માનવજીવનને સરળ બનાવનારા તરફ આભારની લાગણી વ્યક્ત કરવાનો ભાવ હતો. હવે ધર્મનું સ્વરૂપ બદલાયું છે અને ધર્મ સાથે ભૌતિક સુખોનો સ્વાર્થ ભળ્યો છે તેથી ઉપાસનાનું સ્વરૂપ જ બદલાઈ ગયું છે. પહેલાં સૂર્યદેવને માત્ર પાણીનો અર્ધ્ય આપીને ઉપાસના કરાતી તેથી સાવ સામાન્ય વ્યક્તિ પણ ઉપાસના કરી શકતી. એક લોટો પાણી લઈને વહેલી સવારે સૂર્યને ચડાવીને તેની તરફ કૃતજ્ઞતા વ્યક્ત કરી દેવાતી. હવે ઉપાસના માટે પણ જાત જાતનાં વિધિ-વિધાન કરવાં પડે છે અને એ ખર્ચાળ છે તેથી ગરીબોને તો પરવડે જ નહી એવી હાલત થઈ ગઈ છે.

આ મકરસંક્રાતિ અને ઉત્તરાયણે સૂર્યની મૂળ ઉપાસના તરફ પાછા વળવું જોઈએ એવું નથી લાગતું ? ■

sanjogpurti@gmail.com

# મહાભારતનું યુદ્ધ: ૧૮ દિવસનો કાઈટ ફેસ્ટિવલ



ગાંધીજી એવું કહેતા કે અહિંસાની પ્રેરણા એમને 'ભાગવત્ ગીતા' માંથી મળી છે. પણ કેટલાક સવાલ ઉઠ્યા હતા: ગીતામાં કૃષ્ણ ભગવાન અર્જુનને હિંસા કરવા માટે ઉભો કરે છે. લડવા તૈયાર કરે છે !!! કાંઈ લોચો તો નથી માર્યોને ?! ત્યારે બાપુ એકદમ 'બાપુ સ્ટાઈલ'માં કહેતા - 'મારા વ્હાલા !!! મહાભારતનું યુદ્ધ એ તો સત્ય અને અસત્યની લડાઈ દર્શાવતું એક રૂપક છે. તે તો ક્યાંય લડાયું જ નથી.!'

પછી તો ઘણા લોકો એવું માનતા થઈ ગયેલા કે હવે 'બાપુ' હાચા. આ તો ઠીક છે, ગાંધી બાપુને પતંગ યાદ ન આવ્યા. નહિતર તેઓ એકદમ બારૈયા સ્ટાઈલમાં આસાનીથી કહી શક્યા હોત કે ભાઈ કૃષ્ણ જેવા વડીલ અને દ્રોણ જેવા ગુરુઓ અને કૃષ્ણ જેવા ભગવાન બેઠા હોય ત્યાં સુધી પાંડવો અને કૌરવો જેવા કાકાઈ ભાઈઓની એવી હિમ્મત છે કે તેઓ અંદરો-અંદર લડી શકે ? એવું કદાપી બન્યું ન હોત.

પણ ગાંધીજી સાથે મારા મતભેદો છે. હકીકતમાં મહાભારતનું યુદ્ધ એ કોઈ રૂપક નથી પરંતુ એક 'પતંગ યુદ્ધ' છે. પાંડવો અને કૌરવો એકબીજા સામે હાથાપાઈ કરીને લડ્યા જ નથી. બાણ, તલવાર, ભાથા, ભાલા, તીર; આ બધા પતંગોનાં નામ છે. બી.આર. ચોપરાએ આકાશમાં ટકરાતાં શાસ્ત્રો બતાવ્યા છે તે હકીકતમાં શસ્ત્રો નથી પણ એક પ્રકારના પતંગો છે. યુદ્ધભૂમિ પરના આકાશમાં શસ્ત્રો ધીમે-ધીમે નજીક આવે, ટકરાય, તૂટી પડે... આ બધું શું ? હકીકતમાં તો એ પતંગોના પેચ લડાવતા હોય તેનું વર્ણન છે. 'કાપો... કાપો...'ના નારા એ પેચ લડાવવા માટે એકબીજાને પાનો ચડાવવા માટેના નારા છે. ખુદ કૃષ્ણએ આ પતંગ પોતે ઉડાવ્યો હતો એવું વર્ણન છે. તેના બનેવી અર્જૂનની ફિરકી પકડવાનું સ્વીકાર્યું હતું. પતંગયુદ્ધ પહેલા એવી જાહેરાત કરી હતી કે હું પતંગ ઉડાવીશ નહી, માત્ર ફીરકી જ પકડીશ. પણ વચ્ચે અર્જુનનો પતંગ કપાઈ જાય એવી પરિસ્થિતિ ઉભી થતા કૃષ્ણએ ફીરકીનું એક બાજુનું ચકરડું કાઢીને તેનો લંગર બનાવી સામાવાળાના પતંગને લપેટાવવાની કોશિશ કરી હતી.

એટલે મહાભારતનું યુદ્ધ ખરેખર તો પતંગ યુદ્ધ જ હતું એવું પૂરવાર થાય છે. નહિતર મોટા-મોટા વડીલો એમાં જોડાય ખરા ? એ લોકોને ય ખબર પડતી હતી કે અંદરો-અંદર ડખા કરવાથી કે ખૂન-ખરાબા કરવાથી માત્ર પોલીસ અને વકીલોને જ ફાયદો થાય છે. તે સમયે જાણીતા ઈલેક્ટ્રોનિક મીડિયાના સ્થાનિક ચેનલોના પત્રકારોએ આ પતંગનું યુદ્ધનું લાઈવ પ્રસારણ પણ કર્યું હતું. 'દિવ્ય દર્શન' નામની એક ચેનલના માધ્યમથી સંજય એક બંગલામાં બેઠો બેઠો 'કુરુક્ષેત્ર કાઈટ ફેસ્ટિવલ' માણી રહ્યો હતો અને એના પરથી એવી લાઈવ કોમેન્ટરી ધૃતરાષ્ટ્રને સંભળાવતો હતો. સ્ટાર પત્રકાર વેદ વ્યાસે તો તેના રિપોર્ટિંગમાં આ કવરેજનું પણ કવરેજ લીધું છે. 'હસ્તિનાપુર ન્યૂઝ' માં છપાયેલા તેના ૮ આર્ટિકલોનું બાદમાં 'વેદ વ્યાસ કૃત મહાભારત' નામથી પુસ્તક રૂપે પ્રકાશન થયું છે, તે આપ જોઈ શકો છો.

વિવિધ વર્ણનોમાં લાશોના ઢગલા છે તે હકીકતમાં કપાયેલા પતંગો છે અને લાશોના ઢગલા ઉઠાવનારાઓનું જે વર્ણન છે તે હકીકતમાં પતંગ લૂંટવા જનારાઓ છે.


ઓરિજિનલ મહાભારતની રીમેક કરેલી પ્રતો પ્રસિદ્ધ કરનારાઓ કંઈક એવું કહે છે કે પાંડવો ક્યાંકથી દ્રૌપદી નામની એક સ્ત્રીને લઈ આવેલા; ને હરખથી માતા કુંતીએ જાણ કરી, તો કુંતીએ કહ્યું કે 'પાંચેય વહેંચીને ખાવ.' હવે, એવો નિર્ણય કોઈ માતા પોતાના પુત્રોને સંભળાવે ખરી ?

અસલ કથા એવી છે કે કૃષ્ણ પાસે 'દોરાપટ્ટી' નામની બ્રાન્ડવાળી એક ફિરકી હતી. એનું સાચું ઉચ્ચારણ નહીં કરી શકવાથી લોકો 'દ્રોપદી' ઉચ્ચાર કરે છે. એટલે દ્રૌપદી એ ફિરકી છે. આ ફીરકી અર્જુન કૃષ્ણ પાસેથી વાપરવા માટે લાવેલો. આ ફીરકી એકલો અર્જુન વાપરે એના કરતાં બધા ભાઈઓ વાપરે એ સારું કહી કુંતીએ બધા ભાઈઓને સંપીને વાપરવાનું કહ્યું. અને વાપરવા પણ લાગેલા. (તમારે વિચારવાનું હોય તો વિચારજો : કુંતીના સંપીને વાપરવાનો હુકમ ફિરકીના સંદર્ભમાં જ છે, સ્ત્રીના અર્થમાં બંધબેસતો ના લાગે. સ્ત્રીના સંદર્ભે હોત તો અનેક મહિલા સંસ્થાઓએ આંદોલનો કર્યાના કિસ્સાઓ નોંધાયા હોત. એક દિવસ એવું બન્યું કે કૌરવો અને પાંડવો જુગાર રમવા બેઠા એમાં પાંડવો પાસે કેશ ખૂટી ગઈ હતી અને અર્જુન પાસે પોતાની દોરાપટ્ટી નામની ફીરકી હતી જ એટલે પૈસા ને બદલે એ મૂકી દીધી. તો એ પણ હારી ગયા એટલે જયેષ્ઠ ભ્રાતા યુધિષ્ઠિર ગશ કરી. એણે કહ્યું કે આ ફિરકીમાં જેટલી દોરી છે એટલી તમે લતી અથવા દડો બનાવીને લઈ લો અને ફીરકી અમને પાછી આપો. કૌરવો ફીરકીમાંથી દોરી ખેંચી ખેંચીને થાકી ગયા પણ આ અખૂટ ફિરકીમાંથી દોરી પૂરી થઈ જ નહીં. પાછલા બારણે કૃષ્ણ આ ફીરકી પકડીને બેઠા હતા એની કૌરવોને ખબર ન હતી એટલે કૌરવોએ આખ-આખી ફિરકી આપી દેવાનો આગ્રહ રાખ્યો. પણ પાંડવો એ વાત સાથે સહમત ન હતા એટલે પછી હસ્તિનાપુર સ્ટેટના વડીલોને લાગ્યું કે આ જાદુઈ ફિરકીના કારણે રાજકુમારો અંદરો-અંદરો લડાઈ શરૂ કરીને એકબીજાના વાળ ખેંચવા માંડશે ને નકામું થશે. એટલે આખરે તે દિવસે જ હસ્તિનાપુર સરકારે ૧૮ દિવસનો કાઈટ ફેસ્ટિવલ કુરેક્ષેત્ર ફિલ્ડમાં રમાડવાનું જાહેર કર્યું. (જેમાંથી પ્રેરણા મેળવીને ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી તરીકે મોદી હતા ત્યારથી સરકાર દર વર્ષે કાઈટ ફેસ્ટિવલનું આયોજન કરે છે.)

કુરુક્ષેત્રનું યુદ્ધ એ માત્ર કાઈટ ફેસ્ટિવલ જ હતો એ સાબિત કરવા માટે મારી પાસે બીજી ઘણી બધી દલીલો છે. ગાંધીજી મહાભારતના યુદ્ધને સત્ય અને અસત્યની લડાઈનું કાલ્પનિક રૂપક ગણાવે છે પરંતુ મારું સંશોધન કહે છે કે તે એક એવો ઈતિહાસ છે કે જેમાં કર્ણોપકર્ણ પરંપરાએ અનેક ગાંધીફાળા કર્યા છે. દાખલા તરીકે પાંડવો પાંચ હતા એ વાત અમારું સંશોધન સ્વીકારી છે પરંતુ કોઈ મહિલા ૧૦૦ બાળકોને જન્મ આપી શકે તે વાત અમારું સંશોધન સ્વીકારતું નથી. વાસ્તવમાં કૌરવો પણ પાંચ કે છ જ હતા. દુર્યોધન, વિકર્ણ, દુ:શાસન વગેરે જે નામો જાણીતા છે એટલા જ. બાકી ૧૦૦ નામોનું જે લિસ્ટ છે તે તો પતંગના નામ છે. અંતમાં હું મહાભારતને સત્ય અને અસત્યની લડાઈનું કાલ્પનિક રૂપક ગણાવવા બદલ ગાંધીજીનો આભાર માનું છું કારણ કે તેના કારણે જ વાસ્તવિક ઈતિહાસ શું છે તેનું વાસ્તવિક સંશોધન કરવાની મને તક મળી છે. પરંતુ ઈતિહાસ ખરેખર શું છે તેની જેને ખબર જ નથી પડતી એવા ઈતિહાસકારો શું મારી વાત માનશે? એ લોકોએ ગાંધીજીની વાત પણ માની નથી તો એ લોકો મારા સંશોધનના એકદમ ઊંડા ઊંડાણને સમજી શકશે? કે ઘીસીપીસી કરીને કટ કરી નાખશે? ■

ધીસ ઇઝ ધેટ
નારન બારૈયા
naranbaraiya277@gmail.com

# જોજો કોઇનો પતંગ કાપતા તમારો કપાઇ ના જાય...



૧૪ તારીખે મકરસક્રાંતિ છે. ગગનમાં કનકવો ચોફેર ઉડતો જોવા મળે છે. ગુજરાતીઓ ઉત્સવપ્રિય પ્રજા છે. તહેવારની સાથે વિજ્ઞાન જોડાયેલું છે. વિદેશનું આંધળું અનુકરણ કરીને આપણે તહેવારને તકલીફ તરફ લઈ જઈએ છીએ. ગ્લોબલ વોર્મિંગના કારણે પર્યાવરણમાં અનેક પ્રકારની સમસ્યાઓ સર્જી છે. ૧૪ મી તારીખથી દિવસ લાંબો થાય છે તેનું ખગોળશાસ્ત્રમાં અદ્ભુત સાયન્ટિફિક વર્ણન છે.

ઉત્તરાયણ એ અવકાશમાં સૂર્યની એક સ્થિતિ છે. ઉત્તરાયણના દિવસે સૂરજ માથાની સીધી દિશાથી એકદમ દક્ષિણ દિશા તરફ હોય છે. ઉત્તરાયણ (ઉત્તર+અયન) નો શાબ્દિક અર્થ છે ઉત્તરમાં ગમન. દિવસમાં સૂર્ય એકદમ માથા ઉપર હોય ત્યારની સ્થિતિમાં દરરોજ સૂર્ય ઉત્તર દિશા તરફ નમતો દેખાશે. ઉત્તરાયણના સમયે સૂર્ય પૃથ્વી આજુબાજુની પોતાની પરિભ્રમણની દિશામાં પરિવર્તન કરી થોડો-થોડો ઉત્તર દિશા તરફ ખસતો જાય છે. આમ, સૂર્ય ઉત્તર તરફ ખસવાનું ચાલુ કરે તે દિવસને ઉત્તરાયણ તરીકે ઓળખવામાં આવે છે. ઉત્તરાયણનો પ્રારંભ ૨૧ થી ૨૨ ડિસેમ્બરથી થાય છે. સૂર્યની ઉત્તર દિશામાં ખસવાની ઘટના અને તેની અસરો જોઈએ તો ઉત્તરાયણના દિવસે વર્ષની સૌથી લાંબી રાત ભારતમાં ૧૩:૧૨ કલાકની અને દિવસ ૧૦:૪૮ કલાકનો હોય છે. જ્યારે ૨૧ જૂને દક્ષિણાયનના દિવસે આનાથી વિપરીત હોય છે. વર્ષમાં બે દિવસ એટલે કે ૨૧ ડિસેમ્બરે સૌથી લાંબી રાત અને ૨૧ જૂને સૌથી લાંબો દિવસ હોય છે. સૂર્યના કિરણો દક્ષિણ ગોળાર્ધ પર સીધા પડતાં હોવાથી ઉત્તર ગોળાર્ધમાં લાંબી રાત્રિઓનો સમય હોય છે. આ સમયને ઉત્તરાયણ પણ એટલે જ કહે છે. ૨૨ ડિસેમ્બરથી ૨૧ જૂન સુધી દિવસ મોટો થતો જશે. જે ૨૧ જૂને દિવસ સૌથી મોટો હશે અને રાત સૌથી નાની. આ દિવસને દક્ષિણાયન કહે છે.



સામાજિક અને શૈક્ષણિક
ડો. વિપુલ ડી. પટેલ
(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

મકરસંક્રાંતિ ઉત્તરાયણથી અલગ હોય છે. સૂર્ય એક રાશિમાંથી બીજી રાશીમાં સ્થાનાંતર કરે તેને સંક્રાંતિ કહે છે. આ પ્રમાણે વર્ષમાં કુલ બાર સંક્રાંતિઓ થાય છે. પરંતુ સૂર્ય ધનુ રાશિમાંથી મકર રાશિમાં સ્થાનાંતર કરે છે ત્યારે મકરસંક્રાંતિ શરૂ થાય છે. આ બધી બાબતો આપણા ખગોળશાસ્ત્રીઓએ ખૂબ સારી રીતે વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી સમજાવી છે.

ઉત્તરાયણના દિવસે કનકવો એટલે પતંગ આકાશમાં ચગાવવા માટે આપણે બધા ધાબા ઉપર અથવા તો અન્ય જગ્યાનો સહારો લેતા હોઈએ છીએ. એવા સમયે ડી.જે.નો ભયંકર અવાજ અને સંગીતના સુરે કોલાહલ ઉત્પન્ન કરતા હોઈએ છીએ. ઉત્તરાયણના પર્વે એટલા બધા ઉત્સાહમાં આવી જઈએ છીએ કે ધાબા ઉપર પતંગ ચગાવવાની લાયમાં ખસી જવું, પડી જવું અને પછી મરી જવું આ બાબતનો અત્યંત ખ્યાલ રાખવો. કાલિદાસે કહ્યું છે કે મનુષ્ય ઉત્સવપ્રિય છે. ઉત્તરાયણના પર્વે કોરોનાના જન્મદાતા ચાઈનાની દોરી અથવા પતંગ વાપરવા જોઈએ નહીં. પક્ષીઓ ઘાયલ ન થાય તેની તકેદારી રાખવી, ઈલેક્ટ્રીક વાયર સાથે દોરી ન ભરાય તેની તકેદારી રાખીએ. પતંગ લૂંટવામાં ક્યારે શોર્ટ સર્કિટ થવાની સંભાવના રહે છે. તે સમયે વિવેકબુદ્ધિનો ઉપયોગ કરીએ. સોસાયટીઓમાં બિનજરૂરી બૂમો અને રાડો પાડીને પોલીસ ફરિયાદ સુધી અને મારામારી સુધી ઉત્સવ રૂપાંતર થાય છે તેવી સ્થિતિ નિર્માણ ન થાય તેની કાળજી રાખીએ. તુક્કલ કે અન્ય સળગતી પતંગ ઘણી વખતે અગ્નિ થકી ખેતરમાં અથવા તો અન્ય જગ્યાએ ભયંકર નુકસાન નિર્માણ કરતી હોય છે તેની કાળજી રાખીએ. કોઈકનો પતંગ કાપતા આપણો કપાઈ ના જાય તેની કાળજી રાખીએ. આજે એટલો બધો દ્વેષ, કપટ, ઝેર અને અભિમાન વ્યાપી ગયું છે કે વાત જ પૂછો નહીં. માનવ જીવન આનંદ, ઉત્સવ અને સંપથી રહેવા માટે છે. કેટલો કાગળ અને દોરી ઉત્સવ પાછળ વપરાય છે. પર્યાવરણના સંરક્ષણ અને જતન માટે પણ જનજાગૃતિ ઊભી કરવી પડશે. ભારતીય હોવાનું ગૌરવ અને અભિમાન હોવું જોઈએ પરંતુ આ સમયે પરિવારના બધા લોકોએ સાથે જમી પારિવારિક એકતા નિર્માણ કરવી જોઈએ. વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી તાપમાન રહેવાથી શરીરમાં રહેલો કફ ગરમીના કારણે ઓગળીને બહાર આવે છે. શેરડીનો રસ અને કલમી બોર ખાવાથી પ્રાકૃતિક શક્તિ પ્રાપ્ત થાય છે. તલની ચીકી અને સિંગની સુખડી આ બધા શરીર માટેના પોષક તત્વો છે. ઉત્તરાયણના પાવન પર્વે પક્ષીઓ ઘાયલ ના થાય તેની તકેદારી રાખીએ. કિન્ના બાંધવાની કલા અને પતંગ બનાવવાની આવડત એ ભારતની ૬૪ કલાનો અદ્ભુત નમૂનો છે. સૌ ભારતીય અને ગુજરાતીઓ ઉત્સાહપૂર્વક પોતાનો પતંગ ચગાવે પરંતુ અંતરની અંદર રહેલા કાવાદાવા, વેરઝેરને ઢીલ આપીને છોડી દે. માનવતાની દોરી છોડી સંબંધોનો સ્નેહ આકાશમાં અને પરિવારમાં વ્યાપક બનાવીએ તો જ તમારો જીવનરૂપી પતંગ ઊંચાઈ પ્રાપ્ત કરશે. ઉત્સાહની સાથે સાથે કાળજી પણ રાખવી જરૂરી છે. મકરસંક્રાંતિના પવિત્ર પર્વે સૌ શાંતિ અને સલામતીના ધોરણો સ્થાપિત કરી ઈલેક્ટ્રીક અને ધાબાની બોર્ડરને ધ્યાનમાં રાખી પતંગ ચગાવે તો અકસ્માત થવાની સંભાવના ઓછી રહે. એવી દોરીનો ઉપયોગ ના કરે કે જેથી કોઈનું ગળું કપાઈ જાય. શાંતિથી માનવી જીવી શકે તે જ સૌથી મોટી ઉત્તરાયણ છે. પક્ષીઓની અને માનવોની રક્ષા કરવી આપણી ફરજ છે. ઉત્તરાયણ પછી તરત જ પરીક્ષા શરૂ થાય છે તે સમયે પરીક્ષાનો પતંગ કપાઈ ના જાય તેની તકેદારી રાખી અને વાંચન લેખનની તૈયારી સતત રાખીએ. ઉત્તરાયણ તો દર વર્ષે આવવાની છે પરંતુ પરીક્ષા દર વર્ષે નવા વર્ગમાં જવા માટે છે તેનો ખ્યાલ રાખીએ. ■

Mo.9825702282

# દાંતની માવજત (Dental Care)



સ્વસ્થ દાંત અને મોઢા માટે નિયમિત માવજત ખૂબ જરૂરી છે. નીચે સરળ અને અસરકારક સૂચનો આપેલ છે:

**દૈનિક સંભાળઃ-**

● દિવસમાં ૨ વાર બ્રશ કરો (સવારે અને રાત્રે).

● ફ્લોરાઈડવાળું ટૂથપેસ્ટ વાપરો.

● સોફ્ટ બ્રશ પસંદ કરો અને હળવા હાથથી બ્રશ કરો.

● જીભ સાફ કરો – બેક્ટેરિયા દૂર થાય છે.

**ખોરાકની કાળજીઃ-**

● વધુ મીઠાઈ, ચોકલેટ, કોલ્ડડ્રિંક્સ ટાળો.

● દૂધ, દહીં, લીલા શાકભાજી, ફળો ખાઓ.

● ભોજન પછી પાણીથી કુલ્લા કરો.

**વધારાની માવજતઃ-**

● ફ્લોસ અથવા ઈન્ટર ડેન્ટલ બ્રશથી દાંત વચ્ચે સફાઈ.

● દર ૬ મહિને દંત ચિકિત્સક પાસે તપાસ કરાવો.

● દુઃખાવો, લોહી પડવું, દુર્ગંધ આવે તો અવગણશો નહીં.

**બાળકો માટેઃ-**

● નાનપણથી બ્રશ કરવાની આદત પાડો.

● મીઠાઈ બાદ ખાસ કરીને બ્રશ કરાવો.

● ૬ વર્ષથી નાના બાળકો માટે મટર જેટલું ટૂથપેસ્ટ.

**દાંતની માવજત માટે ઘરેલું ઉપાયઃ-**

(સરળ, સલામત અને રોજિંદા ઉપયોગી)

(૧) મીઠું + ગરમ પાણી

● ½ ચમચી મીઠું ગરમ પાણીમાં ભેળવો.

● દિવસમાં ૧–૨ વખત કુલ્લા કરો.

:-દાંતના દુઃખાવા, સૂજન અને દુર્ગંધમાં ફાયદાકારક.

(૨) લવિંગ (લવંગ)

● લવિંગ ચાવો અથવા લવિંગનું તેલ દુઃખતા દાંત પર લગાવો.

:-દુઃખાવો અને ઈન્ફેક્શન ઘટાડે.

(૩) સરસવનું તેલ + મીઠું

● ચમચી સરસવના તેલમાં ચપટી મીઠું.

● આંગળીથી દાંત પર હળવું મસાજ.

:-પેઢાં મજબૂત કરે, પીળાપણું ઘટે.

(૪) હળદર + નાળિયેર તેલ

● ચપટી હળદર નાળિયેર તેલમાં મિક્સ કરી દાંત પર લગાવો.

:-જીવાણુનાશક, પેઢાંના સોજામાં લાભ.

(૫) નીમનું દાતણ / નીમ પાવડર

● અઠવાડિયામાં ૨–૩ વખત.

:-બેક્ટેરિયા ઘટાડે, મોઢું સ્વચ્છ રાખે.

(૬) એલોઈવેરા જેલ

● શુદ્ધ એલોઈવેરા જેલ પેઢાં પર લગાવો.

:-પેઢાંમાંથી લોહી આવવું અને સોજો ઘટે.

(૭) તુલસીના પાન

● તુલસીના પાન ચાવો અથવા પીસી પેસ્ટ બનાવો.

:-દુર્ગંધ દૂર થાય

સાવચેતીઃ- ● લવિંગ તેલ સીધું વધુ ન લગાવશો.

● વધારે કઠણ વસ્તુથી દાંત ન ઘસશો.

● ગંભીર દુઃખાવો, પેઢાંમાંથી વધારે લોહી, અથવા દાંત હલતા હોય તો દંત ચિકિત્સકને બતાવવું જરૂરી.

દાંત પડી ગયા હોય તો દંત ચિકિત્સકને બતાવી નવા દાંત નખાવી લેવા જોઈએ જેથી આજૂબાજૂના દાંત પડે નહિ.



વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર

બજારમાં આયુર્વેદિક પેસ્ટ અને દંતમંજન મળતા હોય તે સૌથી ઉત્તમ છે, ત્યાર બાદ દરેક વ્યક્તિની અલગ પસંદની પેસ્ટ અને દંતમંજન હોય છે, તે પ્રમાણે દાંતની સફાઈ કરી શકે છે.

દાંત સાફ કરવા માટે દાતણ શ્રેષ્ઠ છે એમાં પણ કરંજનું દાતણ ઉત્તમ છે. ■ hemangidmehta@gmail.com

# કેમ કેમ? હું કાંઈ લોટરીવાળો છું?



કોઈ દિવસ નહીં અને આજે બકો હસતાં હસતાં આવ્યો. બકાને હસતાં જોઈને બોસને નવાઈ લાગી.

"શું વાત છે બકા ? આજે ઘરવાળીએ હારુ હારુ ખવરાવીને મોકલ્યો છે કે શું? આજે તું આટલો હસે છે કેમ?"

"ના રે ના, બોસ. અમારા ભાગ્યમાં એવું બધું ક્યાં લખ્યું હોય છે? અમારે બસ! છાસને રોટલો મળી જાય એટલે બસ."

"તો પછી હસવાનું કારણ શું? કાંઈ લોટરી બોટરી લાગી કે શું?"

"લોટરી લાગી તો નથી, પણ તમે સાથ આપો તો લાગે 'ય ખરી."

"કેમ કેમ? હું કાંઈ લોટરીવાળો છું? કે ન્યાં મારી લાગવગ છે?"

"એવું તો નથી, પણ તમે ધારો તો હું પૈસાવાળો થઈ શકું છું."

"એ કેવી રીતે? જરા વિગતે વાત કરીશ?"

"આપણે અહીંયા જમીનનો ભાવ શું હાલતો હશે?"

"આમ તો અત્યાર સુધી જમીન કોઈ રાખતું નહોતું. પણ જ્યારથી રાજકોટ વાળાના હાથમાં પૈસા આવ્યા છે, ત્યારથી જમીનનાં ભાવ હળગી ગયા છે."

"તોય પણ શું ભાવ હશે?"

"બકા તારે જમીન લેવી છે?"

"ના..આ..! બોસ, મારે જમીન વેચવી છે."

"અરે બકા, તું ગાંડો થયો કે થાશ? બાપ દાદાની જમીન નો વેચાય. પડી હશે તો ભૂખ ભાંગવા થાહે.

છોકરાંવને બાર મહિનાનાં દાણાં થાહે."

"બોસ, એમ હાવ નથી વેચવી. પણ..."

"પણ શું? હાવ નથી વેચવી, તો કેમ વેચવી છે?"

"વેચવી તો છે પણ પાછી લેવીય છે."

"મને કાંઈ હમજાણુ નઈ. તું કહેવા શું માંગે છે?"

"મને ભાવ કહો ને. પછી હું તમને મારો આખો પ્લાન કહીશ."

"વિઘાના દસ બાર લાખ તો રાજકોટ વાળા આપી જ દે."

"હ..હ..અ તો વાંધો નથી. મારે જમીન વેચીને ઈ પૈસાની સસ્તી જમીન લેવી છે."

"બકા અત્યારે સસ્તું રામનું નામ છે. બાકી હંધૂય મોંઘું મોંઘું છે. તું સસ્તું ક્યાંથી ગોતીશ ?"

"બોસ, સસ્તું મળે છે. એક જગ્યાએ સસ્તું મળે છે."

"અભણ અમથાલાલને 'ય નવાઈ લાગી. સસ્તું અને ઈ ય વળી ગુજરાતમાં? ના હોય બકા ના હોય."

"હા..હા..! કલેકટર કચેરીમાં જમીન સસ્તી મળે છે."

"એમ..!!? પહેલાં તો ઈ ખોટું. કલેક્ટર કચેરીમા જમીન જ ના મળે. અને કદાચ મળે તો શું ભાવે મળે છે?"

બોસને 'ય ઘડીભર મોઢાંમાં પાણી આવી ગયું." તો તો આ ધંધો આપણે 'ય કરવા જેવો ખરો."

અમથાલાલે કહ્યું "કહેતો ખરો! શું ભાવે જમીન મળે છે?"

"દસ રૂપિયાની વારનો ભાવ છે. ગણિતમાં હું કાચો છું. છતાંય દોઢ બે લાખની વિઘો થાતી હશે."

અમથાલાલને હવે સમજાયું કે, બકો કોની વાત કરે છે. "બકા, તું વાત સુરેન્દ્રનગર જિલ્લાની કરે છે? "

"હા..હા..! સસ્તું મળતું હોય તો ભલે ને સુરેન્દ્રનગર જાવું પડે. છોકરાઓના ભાગ્ય તો ખુલી જાય."

"બકા..બકા..! છોકરાઓના ભાગ્ય ખુલી ગયા, પણ કલેકટર સાહેબના છોકરાઓના, નાયબ કલેકટરના, એમનાં પી.એ.ના અને ક્લાર્કના છોકરાંઓના ભાગ્ય ખુલી ગયા છે."

"હું કાંઈ હમજયો નહીં અમથાલાલ..!!"

"બકા, તું જે વાત કરે છે દસ રૂપિયા વારની, એ જમીન રૂપિયા પાંચ થી દસ હજારના ભાવની છે.

તો પછી છાપાંવાળા તો ખુલ્લં-ખુલ્લાં લખે છે કે, ઘણા સમયથી વારનો ભાવ દસ રૂપિયા હાલે છે."

"બકા, એ ભાવ જમીન એન.એ. કરવાનો છે. કાગળીયા ઉપર સહી કરવાનો છે."

"અરે પણ, જમીન આપડી, રૂપિયા આપડા, લેવાવાળા અને દેવાવાળા 'ય આપડા. તો પછી કલેકટરને વારે દસ રૂપિયા શેનાં દેવાનાં? સરકાર એમને પગાર તો આપે છે."

"તારી વાત હાચી છે. સરકાર એમને હારો પગાર આપે છે, ગાડી આપે છે, બંગલો 'ય આપે છે. પણ એટલાંમાં એમનું પેટ ભરાતું નથી."



લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

"એટલે તમારુ કેવાનું એમ છે કે, હંધાયના પેટ આવડાં મોટાં છે, એમ?"

"ના. હંધાયની તો ખબર નથી. પણ, લગભગ લગભગ બધા આ લાઈનમાં ઊભા છે.

તું મને એમ કહે કે, આ સુરેન્દ્રનગરના કલેક્ટર રાજેન્દ્ર પટેલે માત્ર અગિયાર મહિનામાં જ પંદરસો કરોડની જમીનમાંથી દસ કરોડની કમાણી ટેબલ નીચેથી કરી. દસ રૂપિયાના ભાવથી અને આવાં તો કંઈ કેટલાયે હજારો કરોડ રૂપિયા ઘરભેગા કરી દીધા છે.

પછી એ સુરેન્દ્રનગર હોય કે સુરત, અમરેલી હોય કે અમદાવાદ."

"ના..ના..ના, અમથાલાલ હાવ એવું ના હોય. એમની ઉપરે 'ય કોક બેઠું છે. એમને ખબર નો પડે?"

"ઈ તો ઈ જ જાણે. પણ, હવે મારો રામ ઉપર હિસાબ કરશે જ. પણ, મને તું એક વાત કહે.. તું કોઈપણ સરકારી કામ કરાવવા જાય છે, તો વગર પૈસે કામ થાય છે? અથવા તમારા ટાઈમે કામ થાય છે?? પછી આધારકાર્ડ હોય, રેશનકાર્ડ હોય, કે હોય જમીનનું." "અમથાલાલ આપણને એમ થાય કે, આપણાં છોકરાઓને તો છાસને રોટલો ખાવાની ટેવ હોય છે એટલે ઈ તો ખાઈ લેશે પણ, બચાડા એનાં છોકરાં !?? એટલે થાય કે માંગે છે ને, આપી દો. અમથું 'ય આપણાં બાપ દાદાએ આપવાનું શિખવાડ્યું છે." ■ kalubhaibhad123@gmail.com

# માણો મકરસંક્રાંતિની મજેદાર વાનગીઓ..

**ચટાકેદાર સુરતી ઊંધિયું**



- સામગ્રીઃ નાની બટાકી ૨૫૦ ગ્રામ, રતાળુ ૨૫૦ ગ્રામ, શક્કરિયાં ૨૫૦ ગ્રામ, સુરતી પાપડી ૨૫૦ ગ્રામ, દાણાવાળી પાપડી ૨૫૦ ગ્રામ, રવૈયા ૨૫૦ ગ્રામ, લીલું લસણ બારીક સમારેલું ૨ કપ, બારીક સમારેલી કોથમીર ૨ કપ, સુરતી તીખાં લીલાં મરચા ૧૦ નંગ,

- મેથીના મુઠિયાની સામગ્રીઃ મેથી બારીક સમારેલી ૨ કપ, ભાખરીનો લોટ ૨ કપ, ચણાનો લોટ અર્ધો કપ, સોજી ૨ ચમચી, તેલ ૪ ચમચી, આદુ-લસણ-મરચાની પેસ્ટ ૩ ચમચી, મરચાની પેસ્ટ ૧ ચમચી, હળદર ૧ ચમચી, લાલ મરચું ૧ ચમચી, ખાંડ ૨ ચમચી, લીંબુનો રસ સ્વાદ મુજબ, તળવા માટે તેલ

- રવૈયામાં ભરવાની સામગ્રીઃ કોપરાનું છીણ ૧ ચમચી, ગરમ મસાલો ૧ ચમચી, લીલું લસણ બારીક સમારેલું ૨ ચમચી, કોથમીર બારીક સમારેલી ૨ ચમચી, ચણાનો લોટ ૩ ચમચી, શિંગદાણા-તલનો ભૂકો ૨ ચમચી, લાલ મરચું ૧ ચમચી, ધાણાજીરુ ૨ ચમચી, આદુ-મરચાંની પેસ્ટ ૨ ચમચી, લસણ પેસ્ટ ૧ ચમચી, તેલ ૨ ચમચી, મીઠું સ્વાદાનુસાર.

- વઘારની સામગ્રીઃ ૧/૨ કપ તેલ, ૧ નાની ચમચી અજમો, ૧ નાની ચમચી જીરૂ, ૧ નાની ચમચી રાઈ, ૨ નંગ ટામેટાં બારીક સમારેલાં, ૨ ચમચી આદુ-લસણ પેસ્ટ, ૧ કપ લીલાં મરચાં-લીલાં લસણની પેસ્ટ, ચપટી હિંગ, ૧ ચમચી હળદર, ૨ ચમચી કાશ્મીરી મરચું, ૨ ચમચી ગરમ મસાલો, ૨ ચમચી ખાંડ, મીઠું સ્વાદાનુસાર.

- રીતઃ (૧) પ્રથમ બધાં શાકભાજીને બરાબર ધોઈ ને લૂછી નાખો. (૨) નાની બટાકીની છાલ કાઢી લો, શક્કરિયાને છાલ સાથે ગોળાકારે કાપી લો. રતાળુની છાલ ઉતારી તેના ટુકડા કરો. (૩) સુરતી પાપડીને છોલી સાફ કરી લો. દાણાવાળી પાપડીના દાણા કાઢી લો. રવૈયા માટે ઉપરોક્ત તમામ સામગ્રી અને તેલ મિક્સ કરી ભરવાના મસાલાને રેડી દો. રવૈયામાં કાપા પાડી તેમાં મસાલો ભરો.(૪) સ્ટીમરને પ્રિહિટ કરવા મૂકી, નીચે પાણી અને ઉપર જાળી મૂકી શાક ગોઠવતાં ઉપર રવૈયા મૂકી વરાળે બાફી લો.(૫) ૧૫-૨૦ મિનિટમાં શાક બફાઈ જશે. (૬) એક તાસકમાં મેથીના મુઠિયા બનાવવા મેથી, બધી ચીજ-વસ્તુ અને લીલાં-સૂકાં મસાલા મિક્સ કરી, ભાખરી જેવો લોટ બાંધી લો અને મુઠિયા વાળી તેલ મૂકી તળી લો. (૭) ઊંધિયુ વઘારવા કડાઈમાં તેલ મૂકો. તેલ ગરમ થાય એટલે રાઈ, જીરું, અજમો, હિંગનો વઘાર કરો. (૮) પછી તેમાં ટામેટાં ઉમેરી સાંતળી લો. પછી આદુ-લસણની પેસ્ટ અને લીલાં લસણ- મરચાંની પેસ્ટ ઉમેરો. પછી તેમાં બધા સૂકા મસાલા ઉમેરો. (૯) પછી એક પછી એક બધાં શાક ઉમેરી તાવેથાથી હલાવતાં રહો. પછી કોથમીર, લીલું લસણ, ગરમ મસાલો, મીઠું અને થોડું ગરમ પાણી ઉમેરો. (૧૦) ઊંધિયાને હળવેથી હલાવતાં રહો, જેથી શાક તૂટી ન જાય. પછી તેમાં તળેલા મુઠિયા નાખી ૧૦-૧૨ મિનિટ રંધાવા દો. (૧૧) હવે ઊંધિયું તૈયાર છે...આ સુરતી ઊંધિયાને લીલા લસણથી ગાર્નીશ કરી ગરમાગરમ પૂરી સાથે પીરસો.

..........

(૦) **તલ-સિંગની બરફી**

- સામગ્રીઃ તલ ૨૦૦ ગ્રામ, ગોળ ૨૫૦ ગ્રામ, શિંગદાણા શેકેલા ૨૦૦ ગ્રામ, ઘી ૩ ચમચી, ઈલાયચી પાઉડર પા ચમચી.

- રીતઃ (૧) કઢાઈમાં તલને મધ્યમ આંચે તતડે ત્યાં સુધી શેકી નાખો. શેકેલા તલ ઠંડા પડે પછી મિક્સીમાં અધકચરા વાટી લો, તેમાં ભૂકો કરેલા શિંગદાણા ભેળવી દો. (૨) ગોળને એકદમ બારીક સમારી નાખો. એક કઢાઈમાં ઘી ગરમ કરી તેમાં ગોળને બરાબર ઓગાળે ત્યાં સુધી ગરમ કરો. ગોળ બરાબર ઓગળી જાય પછી તેમાં ઈલાયચી પાઉડર નાખી સાથે તલ-શિંગદાણાનો ભૂકો પણ મેળવી દો. બધું મિશ્રણ એકરસ થાય એટલે થાળીમાં ઘી લગાડી એ મિશ્રણને પાથરી દઈ હાથથી થપથપાવી દો. થોડીવાર બાદ ચપ્પૂથી ચોસલા પાડી લો. એકાદ કલાક બાદ બરફી ઠંડી પડે એટલે ડબ્બામાં ભરી લો.

..........

(૦) **બાજરીના પુડા**

- સામગ્રીઃ બાજરીનો લોટ ૩ કપ, ચણાનો લોટ ૧ કપ, દહીં ૧ કપ, અજમો ૨ નાની ચમચી, હિંગ ૨ ચપટી, હળદર અર્ધી નાની ચમચી, મરચું પાઉડર સ્વાદાનુસાર, ધાણાજીરૂ પાઉડર ૩ નાની ચમચી, કોથમીર બારીક સમારેલી ૨ કપ, આદુ-મરચાંની પેસ્ટ ૩ નાની ચમચી, તેલ સાંતળવા પૂરતું, સફેદ તલ ૩ નાની ચમચી.

- રીતઃ (૧) દહીંમાં સૂકા તમામ મસાલા, આદુ-મરચાંની પેસ્ટ, અજમો, હિંગ અને સ્વાદ મુજબ મીઠું ભેળવી બરાબર મિક્સ કરી લો. પછી તેમાં બાજરીનો અને ચણાનો લોટ ભેળવી દઈ, થોડું થોડું પાણી નાખી એકરસ ખીરું તૈયાર કરો. આ ખીરાને ૧૫-૨૦ મિનિટ ઢાંકણ ઢાંકીને રહેવા દો. (૨) પછી એક નાનું પેન ગેસ પર ગરમ કરવા મૂકો. પેન બરાબર ગરમ થાય પછી તેમાં ૧ ચમચી તેલ રેડી ઉપરથી તલ ભભરાવી કડછીથી બાજરીના લોટનું ખીરું રેડી પુડો બનાવો. પુડાની ફરતે ૧ નાની ચમચી તેલ રેડી થોડીવાર પછી ઉથલાવી દો. બીજી બાજુએ પણ ૧ નાની ચમચી તેલ રેડી પુડો બરાબર શેકાય એટલે ઉતારી લો. ટોમેટો કેચઅપ અને ચટણી સાથે પુડો પીરસો. આ પુડા ગરમાગરમ જ વધુ સ્વાદિષ્ટ લાગશે.

..........

(૦) **મટર મસાલા**

- સામગ્રીઃ લીલા વટાણા ૩ કપ, ચણાનો લોટ ૨ ચમચી, આદુ ૨ ઈંચ, ટામેટાં ૩, લીલાં મરચાં ૪-૫, જીરૂ ૧ નાની ચમચી, તમાલપત્ર ૧, મરચું પાઉડર ૨ નાની ચમચી, ધાણાજીરૂ ૨ નાની ચમચી, હળદર ૧ નાની ચમચી, કસૂરી મેથી ૧ ચમચી, કિચન કિંગ મસાલો કે ગરમ મસાલો સ્વાદાનુસાર, મલાઈ કે દહીં નાની ૩ ચમચી.



વાનગી વૈભવ
નિરાલી પંચાલ

- રીતઃ (૧) કઢાઈમાં તેલ મૂકી જીરૂ અને તમાલપત્રનો વઘાર કરો, પછી ખમણેલું આદુ તથા ઝીણાં સમારેલાં મરચાં ઉમેરો. (૨) ૨-૩ મિનિટ સાંતળ્યા પછી તેમાં મરચું પાઉડર, હળદર, ધાણાજીરુ અને કસૂરી મેથી ભેળવો (૩) ૨-૩ મિનિટ પછી એમાં ચણાનો લોટ ભેળવો. લોટ બરાબર શેકાઈ જાય પછી ક્રશ કરેલાં ટામેટાં ઉમેરો. (૪) ટામેટાં સરખા સાંતળ્યા પછી તેમાંનું તેલ છૂટું પડે એટલે કિચન કિંગ મસાલો ઉમેરો. એ પછી મલાઈ (કે ક્રીમ) કે દહીં ફેંટીને ભેળવો. ૧-૨ મિનિટ પછી તેમાં વટાણા ઉમેરી ૨-૪ મિનિટ સાંતળ્યા બાદ ૨-અઢી કપ ગરમ પાણી ઉમેરી, વાસણને ઢાંકી દો. (૫) ધીમી આંચે ૭-૮ મિનિટ વટાણા ચઢી જાય પછી સમારેલી કોથમીર ભભરાવી ગરમાગરમ શાકને રોટલી કે પરાઠા સાથે પીરસો. ■

sanjogpurti@gmail.com

# જાદુઈ ટોપીની ધમાલ!



એક ઘટાદાર અને લીલુંછમ જંગલ હતું. આ જંગલમાં અનેક પ્રાણીઓ રહેતા હતા, પણ એ બધામાં સૌથી વધુ તોફાની જો કોઈ હોય, તો તે હતો લાલુ વાંદરો. લાલુ આખો દિવસ એક ઝાડ પરથી બીજા ઝાડ પર કૂદયા કરે, બીજાં પ્રાણીઓની નકલ કર્યા કરે અને નવા-નવા પરાક્રમ કરતો રહે. લાલુને અવનવી વસ્તુઓ ભેગી કરવાનો ભારે શોખ હતો. ક્યારેક તેને કોઈની ખોવાયેલી પેન મળી જાય તો ક્યારેક ચશમાં!

એક વખત લાલુ જંગલના રસ્તે મસ્તીમાં જતો હતો, ત્યાં એની નજર એક ઝાડ નીચે પડી. ત્યાં એક લાલ રંગની, ગોળ અને મોટ્ટી-મોટ્ટી ટોપી પડી હતી. આ સરસ મજાની મોટ્ટી મોટ્ટી ટોપી જોઈ લાલુની આંખો ચમકી ઊઠી! એણે દોડીને ટોપી ઉઠાવી લીધી. એને લાગ્યું કે આ તો રાજા જેવી ટોપી છે. જો હું ટોપી પહેરીશ તો રાજા જેવો દેખાઈશ. એણે હરખાઈને ટોપી માથા પર પહેરી લીધી. પણ આ શું? ટોપી તો લાલુના માથા કરતાં બહુ મોટી હતી!

જેવી એણે ટોપી પહેરી કે તરત જ તે લાલુના કપાળથી નીચે ઊતરીને છેક એના નાક અને મોઢા સુધી આવી ગઈ. લાલુને તો હવે કાંઈ દેખાતું જ નહોતું. બધું જ અંધારું-અંધારું! લાલુને લાગ્યું કે આ તો કોઈ જાદુઈ ટોપી છે જેણે દુનિયા ગાયબ કરી દીધી. લાલુએ તો અંધારામાં જ નાચવાનું શરૂ કર્યું અને મોટે મોટેથી આ જોડકણું ગાવા લાગ્યોઃ

લાલ ટોપી, ગોળ ટોપી,
માથા ઉપર બેઠી ટોપી!
આંખ છુપાઈ, નાક છુપાયું,
લાલુને તો કાંઈ ન દેખાયું!
હું તો ચાલું ડગમગ ડગમગ,
રસ્તો મારો ઝગમગ ઝગમગ!
કોણ છે આગળ? કોણ છે પાછળ?
ટોપી મારી આગળ પાછળ!

લાલુ ટોપી પહેરીને ચાલવા લાગ્યો. એને કશું દેખાતું નહોતું. રસ્તામાં બિચારો મીઠુ પોપટ મરચું ખાતો હતો. લાલુનો પગ મીઠુની પૂંછડી પર પડ્યો! મીઠુ બોલ્યો, "અરે લાલુ! જોઈને ચાલ ને !" પણ લાલુને તો સંભળાય જ નહીં. એ તો પોતાની ધૂનમાં ગાતો-ગાતો આગળ જતો હતો.

થોડે દૂર ભોલો હાથી આરામથી બપોરની ઊંઘ ખેંચતો હતો.ભોલાભાઈ તો પહાડ જેવા મોટા હતા. લાલુને તો કંઈ જ દેખાતું નહોતું, એટલે એ સીધો જઈને ભોલા હાથીના મોટા પેટ સાથે ભટકાયો. "ધબ્બ!" અવાજ આવ્યો. લાલુને લાગ્યું કે રસ્તામાં કોઈ નરમ પથ્થર આવ્યો છે. એણે તો વિચાર્યું, "લાવ, આ પથ્થર પર ચઢીને જોઉં."

લાલુ તો ઠેકડો મારીને હાથીના કાન પર જઈને બેસી ગયો. હવે ભોલા હાથીના કાનમાં લાલુની પૂંછડી અડી એટલે હાથીભાઈને તો જોરદાર ગલીપચી થવા લાગી! હાથીભાઈએ તો પોતાની લાંબી સૂંઢ ઊંચી કરી અને આખું જંગલ ગજવી મૂકે તેવી મોટી છીંક ખાધી— "આચ્છુઉઉં...આચ્છુઉઉં!"

છીંક એટલી જોરદાર હતી કે લાલુ વાંદરો તો હવામાં ફુગ્ગાની જેમ ઊડ્યો! એ હવામાં ગોથાં ખાતો-ખાતો નીચે જઈને સીધો પાણી ભરેલા ખાબોચિયામાં ધબાક કરતો પડ્યો. ખાબોચિયાનું ગંદુ પાણી ઊડ્યું અને લાલુ આખો ભીંજાઈ ગયો. ખાબોચિયામાં પડતાંની સાથે જ એની લાલ ટોપી ઊતરી ગઈ ને બાજુમાં પડી ગઈ.



રે વાર્તા!
મનીષ સુથાર

લાલુએ આંખો ખોલી તો સામે ભોલા હાથી, મીઠુ પોપટ, ખિસકોલી અને હરણ બધા જ ઊભા હતા. લાલુનો આવો વેશ જોઈને બધાં પ્રાણીઓ હસવા લાગ્યા. લાલુએ જોયું તો પોતે કાદવમાં લથબથ હતો અને એની 'જાદુઈ ટોપી' બાજુમાં પડી હતી.

લાલુને પણ પોતાની મૂર્ખામી પર હસવું આવ્યું. એણે કાદવ ખંખેરતા ફરીથી ગાયું;

ટોપી ગઈ ખાડામાં, લાલુ પડ્યો કાદવમાં!
બધાં હસ્યાં હા-હા-હા, લાલુ બોલ્યો ના-ના-ના! ■

Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

# સુરતમાં અમરેલીની સમૃદ્ધિ નાગરિક શરાફી સહકારી મંડળીનો નવા સ્થળે પ્રારંભ

સુરત,તા.૧૩

અમરેલીની સમૃદ્ધિ નાગરિક શરાફી સહકારી મંડળીની સુરત શાખાનો મોટા વરાછા ખાતે ૧૧ જાન્યુઆરીના રોજ ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો. યોગી ચોક ખાતે છેલ્લા એક વર્ષથી કાર્યરત સંસ્થાની આ શાખાનો નવા રૂપ-રોગાન સાથે નવા સ્થળે સૌરાષ્ટ્રના ઉદ્યોગપતિઓ, બિલ્ડરો, વેપારીઓ અને સુરત સ્થિત સભાસદોની ઉપસ્થિતિમાં



પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ તકે મહાનુભાવો અને સભાસદોને સંબોધિત કરતા અમરેલીના પૂર્વ સાંસદ અને સંસ્થાના ચેરમેન નારણભાઈ કાછડીયાએ છેલ્લા પાંચ વર્ષમાં મંડળીએ કરેલ પ્રગતિ અને વિકાસ અંગે માહિતી આપી મંડળીની કાર્યપદ્ધતિ અંગે અવગત કરાવ્યા હતા. આ પ્રસંગે સંસ્થાના ડિરેક્ટરો વિઠ્ઠલભાઈ માંદલીયા, ભનુભાઈ ચોવટીયા, પુનાભાઈ ગજેરા, ડો. જયંતીભાઈ કુંભાણી, ભરતભાઈ બાવીશી, જયાબેન ગેલાણી, અતુલભાઈ રાદડિયા, મોહનભાઈ ભંડેરી, મંથનભાઈ કાછડીયા, વિજયભાઈ ભાલાળા, જયસુખભાઈ ઠુંમર, પિયુષભાઈ કાછડીયા, કમલેશભાઈ જીયાણી, હિરેનભાઈ કાછડીયા અને મંત્રી વિશાલભાઈ સરધારાએ મહેમાનોનું સ્વાગત કર્યું હતું.ભરત બાવીશીએ કાયક્રમનુ સંચાલન કર્યુ હતુ.

# સુરતમાં મોટી કુંકાવાવ સોશ્યલ ગ્રુપ દ્વારા ૨૦મો 'સ્નેહસેતુ' કાર્યક્રમ યોજાયો: તેજસ્વી વિદ્યાર્થીઓ અને દાતાઓનું સન્માન

કુંકાવાવ, તા.૧૩

મોટી કુંકાવાવ સોશ્યલ ગ્રુપ, સુરત દક્ષિણ ગુજરાત દ્વારા આયોજિત ૨૦મો "સ્નેહસેતુ" કાર્યક્રમ તા. ૧૧-૦૧-૨૦૨૬ના રોજ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. ગામના સભ્યો વચ્ચે પરસ્પર સ્નેહ, એકતા અને જોડાણને વધુ મજબૂત બનાવવાના હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું કાર્યક્રમની શરૂઆત દીપપ્રાગટ્યથી કરવામાં આવી



હતી અને ત્યારબાદ ગામના અવસાન પામેલા સ્વજનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે નોટબુક અને શિલ્ડ વગેરેના દાતાઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ ધોરણ ૧ થી ૧૨ માં અવ્વલ નંબરે આવેલ તેજસ્વી વિદ્યાર્થીઓને શિલ્ડ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમાજના વિકાસમાં યોગદાન આપનાર વ્યક્તિઓનું પણ આ તકે સન્માન કરાયું હતું. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી અને બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં યુવા પેઢીની સક્રિય ભાગીદારી નોંધપાત્ર રહી હતી.

# વાડ જ ચીભડા ગળે તેવો ઘાટ : દાહોદ પોલીસના ત્રણ કર્મચારીઓ ગાડીમાં દારૂ મુકી ફરાર


દાહોદ,તા.૧૩

'વાડ જ ચીભડા ગળે' તે ઉક્તિને સાર્થક કરતો કિસ્સો દાહોદમાં બન્યો છે. દાહોદ જિલ્લાને અડીને મધ્યપ્રદેશ અને રાજસ્થાન રાજ્ય આવેલું છે, જેના કારણે બૂટલેગરો દાહોદ જિલ્લાના અંતરિયાળ માર્ગો ઉપરથી દારૂ ગુજરાતમાં ઘુસાડતા હોય છે. જેને પગલે પોલીસ સતત બૂટલેગરોની વોચમાં રહેતી હોય છે ત્યારે ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે.દારૂ ઝડપી પાડવા માટે કટીબધ્ધ રહેતી પોલીસ જ બુટલેગર બની ગઈ અને દારૂની હેરાફેરી કરવા લાગ્યા. ચાકલીયા પોલીસ મથકના બે હેડ કોન્સ્ટેબલ અને એક કોન્સ્ટેબલ દારૂની ખેપ મારતા ઝડપી પાડવા એલસીબી સહિતની ટીમોએ વોચ ગોઠવી હતી, પરંતુ દારૂ સાથેની ગાડી મૂકી ત્રણેય પોલીસકર્મીઓ ભાગવામાં સફળ થયા હતા. પોલીસે કારમાં તપાસ કરતા ડિકીમાંથી ૬૬ હજારની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કાર સહિત ૫.૬૬ લાખનો મુદ્દામાલ કબજે કરી બે હેડકોન્સ્ટેબલ અને એક કોન્સ્ટેબલ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી હતી.

# ઉના પંથકમાં બે સગીરાના અપહરણથી ચકચાર, પોલીસે શોધખોળ શરૂ કરી

ઉના,તા.૧૩

ઉના પંથકમાં અભ્યાસ અર્થે જતી બે સગીર બહેનપણીઓનું અપહરણ થતાં ચકચાર મચી ગઈ છે. પોલીસે આ મામલે બે યુવકો વિરુદ્ધ અપહરણ અને પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ઉનાના ગ્રામ્ય વિસ્તારમાંથી બે સગીર બહેનપણીઓ ઉના ખાતે અભ્યાસ કરવા આવતી



હતી. ગામનો એક યુવાન અને અન્ય ગામનો એક યુવાન છેલ્લા દોઢ માસથી તેમનો પીછો કરી રહ્યા હતા. આજે જ્યારે બંને બહેનપણીઓ રિક્ષામાં શાળાએ જઈ રહી હતી, ત્યારે આ બંને યુવકોએ તેમનું અપહરણ કર્યું હતું.રિક્ષા ચાલકે આ અંગેની જાણ એક યુવતીના પિતાને કરી હતી. પિતાએ પુત્રીની માતાને પૂછતાં તેમણે દીકરી શાળાએ ગઈ હોવાનું જણાવ્યું હતું. બાદમાં સગીરાના માતા-પિતા અને સગા-સંબંધીઓ ઉનાની શાળાએ દોડી આવ્યા હતા. તપાસ કરતાં જાણવા મળ્યું કે બંને બહેનપણીઓ શાળાએ પહોંચી જ નહોતી. પરિવારજનોએ તાત્કાલિક શોધખોળ શરૂ કરી હતી.

# જેતપુર-ધોરાજી હાઈ-વે પર કારનો અકસ્માત : પત્નીનુ મોત, પતિ ગંભીર


રાજકોટ,તા.૧૩

જેતપુર- ધોરાજી નેશનલ હાઈવે પર મોડીરાત્રે તેજ ગતિએ દોડી રહેલી એક કારનું અચાનક ટાયર ફાટી જતાં વાહન પરથી ડ્રાઈવરનો કાબૂ છૂટી ગયો હતો અને કારે નિયંત્રણ ગુમાવ્યુ હતુ. અકસ્માત માં કારમાં સવાર નવદંપતીમાંથી પત્નીનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે પતિને ગંભીર ઈજાઓ થતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે, જ્યાં તેની હાલત અત્યંત નાજુક હોવાનું જાણવા મળ્યુ છે. આ દંપતીના ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ લગ્ન થયા હતા અને લગ્નના માત્ર ૧૧ મહિના પૂર્ણ થયા ત્યાં જ આ દુર્ઘટનાએ બંનેને અલગ કરી નાખ્યા છે. મળતી માહિતી મુજબ ધોરાજીના રહેવાસી ૨૫ વર્ષીય શુભમ મહેશભાઈ કાપડિયા પોતાની ૨૩ વર્ષીય પત્ની મિતાલી સાથે હોન્ડા સિટી કારમાં જેતપુરથી ધોરાજી તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન એકવાટિક વોટર પાર્ક નજીક અચાનક કારનું ટાયર ફાટી જતાં સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાયો હતો અને કાર રોડની બાજુમાં આવેલા ઝાડ સાથે જોરદાર રીતે અથડાઈ ગઈ હતી.

# ધોરાજીમાં લેઉઆ પટેલ કેળવણી મંડળ સંચાલિત સંસ્થાઓનો વાર્ષિકોત્સવ ધામધૂમથી ઉજવાયો

ધોરાજી, તા.૧૩

ધોરાજી સ્થિત લેઉઆ પટેલ કેળવણી મંડળ સંચાલિત પટેલ વિદ્યાર્થી ભુવન ખાતે તારીખ ૧૧ જાન્યુઆરી ૨૦૨૬, રવિવારના રોજ સંસ્થાનો વાર્ષિકોત્સવ સમારોહ ઉત્સાહપૂર્ણ માહોલમાં સંપન્ન થયો હતો. આ કાર્યક્રમ ટ્રસ્ટના પ્રમુખ કિશોરભાઈ



તસવીર : નયન કુહાડીયા

મોહનભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. જેમાં મેનેજિંગ ટ્રસ્ટી જીમ્મીભાઈ કિશોરભાઈ પટેલ તેમજ અન્ય ટ્રસ્ટીઓ અશોકભાઈ બાલધા, કિશોરભાઈ માવાણી, ધર્મેશભાઈ બાલધા, રાજુભાઈ હિરપરા, અમિતભાઈ રાખોલીયા, કેમ્પસ ડાયરેક્ટર જે.જે. વિરાણી, પ્રશાંતભાઈ પટેલ અને સંસ્થાની વિવિધ શાળા-કોલેજના પ્રિન્સિપાલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત છાત્રાલયની બાળાઓ દ્વારા સ્વાગત ગીત અને ટ્રસ્ટીઓના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી.

# રાજકોટમાં યોજાયેલ ખેલ મહાકુંભની રાજ્ય કક્ષાની જુડો સ્પર્ધામાં કોડીનારની સોમનાથ એકેડેમીનો ડંકો

રાજકોટ,તા.૧૩

ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન ખેલ મહાકુંભ અંતર્ગત રાજ્ય કક્ષાની U-14, U-17 અને U-19 બહેનો માટેની જુડો સ્પર્ધાનું આયોજન તારીખ ૦૧/૦૧/૨૦૨૬ થી ૦૬/૦૧/૨૦૨૬ દરમિયાન રાજકોટ ખાતે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ગુજરાત રાજ્યના અલગ અલગ જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં રમતવીરોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ગીર સોમનાથ જિલ્લાની DLSS સોમનાથ એકેડેમી કોડીનારના જુડો ખેલાડી બહેનોએ પણ ભાગ લીધો



તસવીર : ધર્મેશ પાઠક

હતો અને ઉમદા પ્રદર્શન કર્યું હતું. એકેડેમીની બે વિદ્યાર્થિનીઓએ મેડલ મેળવી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. આ સ્પર્ધામાં સર્વદી ફલક: અંડર-૧૭ (-૭૦ કિગ્રા) - સિલ્વર મેડલ અને સોલંકી સૃષ્ટિ: અંડર-૧૭ (-૪૮ કિગ્રા) - બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. ખેલાડીઓના આ શાનદાર પ્રદર્શન બદલ સોમનાથ એકેડેમીના પ્રમુખ કરસનભાઈ સોલંકી, જિલ્લા રમત વિકાસ અધિકારી કાનજીભાઈ ભાલીયાએ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.


## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં//-

નં.જન્મ-મરણ કેસ.નં.૫/૨૦૨૬

**પ્રતિ,**
શ્રી કડવીબેન ડો./ઓ. વરજાંગભાઈ વંશ વા./ઓ. પાંચાભાઈ સોલંકી ,
રહે.દામલી, ગામ-દામલી,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ .......અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી- કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત પણાંદર,
તા.કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના **દામલી** ગામના રહીશ **વરજાંગભાઈ ભીમાભાઈ વંશ તથા ગંગાબેન વરજાંગભાઈ વંશના પુત્ર ધીરૂભાઈ વરજાંગભાઈ વંશનો** જન્મ **તારીખ:૦૧/૦૧/૧૯૭૬** ના રોજ કોડીનાર તાલુકાના પણાંદર ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત પણાંદર, તાલુકો-કોડીનાર સને-૧૯૭૬ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૬/૦૧/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૭/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહિ**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**


# હાઈવે પરના રહસ્યમય હિટ એન્ડ રનનો ભેદ ઉકેલતી ગીર સોમનાથ પોલીસ

કોડીનાર,તા.૧૩

ભાવનગર–સોમનાથ નેશનલ હાઈવે પર ૭ જાન્યુઆરીએ કોડીનાર નજીક થયેલા હિટ એન્ડ રન કેસનો ગીર સોમનાથ પોલીસે ભેદ ઉકેલ્યો છે. એસ.પી. જયદિપસિંહ જાડેજાની સૂચનાથી કોડીનાર પોલીસએ સીસીટીવી અને ટેકનિકલ સર્વેલન્સના આધારે તપાસ કરી ૫૪ વાહનોની ટાઈમલાઈન અને ૧૦૦થી વધુ લોકોની પૂછપરછ બાદ ૧૬ વ્હીલના ટ્રક સાથે આરોપી લાલાભાઈ ચાવડાને ઝડપી લીધો. મૃતકની ઓળખ સૈયદભાઈ



તસવીર : કુલદીપ પાઠક

મકવાણા તરીકે થઈ છે. આરોપી સામે BNS અને મોટર વાહન એક્ટ મુજબ કાર્યવાહી હાથ ધરાઈ છે.


## :: દસ્તાવેજ કરતા પુર્વેની જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર દેવરાજ વી ખાંભલીયા એડવોકેટ એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસ થી જાણ/તાકીદ કરવામા આવે છે. અમારા અસીલ ની સુચના અને ફરમાઈશ જેની આ જાહેર નોટીસ આપી જણાવુ છુ.

અમરેલી ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ તાલુકો :-લીલીયા, મોજે:- નાના લીલીયા ના ખેડ ખાતા નં.૨૦૯ જેના રે. સર્વે નં.૨૮૪, જેનુ કુલ. ક્ષેત્રફળ:-૦-૯૭-૧૩ હે.આરે.ચો.મી. તથા રે.સ.નં.૨૯૭, જેનુ કુલ ક્ષે.:-૧-૦૧-૧૩ હે.આરે. ચો.મી. **(૧)ધીરૂભાઈ નાથાભાઈ ભાલાળા (૨)કાળુભાઈ નાથાભાઈ ભાલાળા ના નામે ચાલે છે.** જે જુની શરત ની છે.જે ખેતી ની બીન પીયત જમીન સદરહુ જમીનના માલીક, કબજેદારઅને ધારણ કર્તા ના સયુંકત/સ્વતંત્ર નામે ચાલી આવેલ છે મજકુર મિલકતના ટાઈટલ સંપુર્ણ ચોખ્ખા, કલીયર, માર્કેટેબલ હોવાનુ જણાવીને તેમજ મજકુર મિલકત મા તેઓ સીવાય અન્ય કોઈનો કોઈ પણ પ્રકારનો હકક, હીત, હિસ્સો, લાગભાગ ચાલી આવેલ નથી તેવુ જણાવીને મજકુર મિલકત અમારા અસીલ ને વેચાણ આપવા માટે નકકી કરેલ છે. જેથી સદરહુ મિલકત મા જો કોઈ નો વાંધો વિરોધ કે હકક, હીત, સંબંધ, લાગભાગ, દરદાવો કે ઈઝમેન્ટ તથા અન્ય કોઈ પણ રીતે હકક હીસ્સો હોય અથવા તો કોઈ બેંક કે સંસ્થાનુ લેણુ હોયઅગર તો તબદીલી અંગે ના કોઈ પણ લખાણો હોય તો તેઓએ નીચે ના સરનામે દિન-૭ મા પુરાવા સહીત લેખીત જાણ કરવી.જોતેમ કરવામા કસુર થશે તો આ નોટીસ ની મુદત વિત્યે સદર મિલકતમા કોઈ વ્યકિત કે સંસ્થાના કોઈ પણ પ્રકાર નો હકક હીત, હીસ્સો કે લેણુ નથી અને હોય તો જતો કરેલ છે તેમાની અમારા અસીલ મજકુર મિલ્કત વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યાર પછી કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા ની કોઈ પણ જાતની તકરાર વાંધો વિરોધ ચાલશે નહી અને તેવા ઈસમોને કોઈ પણ જાતના હકકો પ્રાપ્ત થશે નહી, જેની જનતાને નોંધ લેવી.

**સરનામુ:- દેવ કોર્પોરેટ ઓફીસ ગ્રામ પંચાયત કચેરીની સામે, લીલીયા મોટા - ૩૬૫૫૩૫**
**મો.૮૪૬૦૪૪૮૧૮૨, મો.૯૪૨૬૫ ૫૪૧૭૨**

**સહી,**
**લી.આપનો વિશ્વાસુ**



## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં//-

નં.જન્મ-મરણ કેસ.નં.૪/૨૦૨૬

**પ્રતિ,**
મહેબુબભાઈ સુલતાનભાઈ કુરેશી ,
રહે. જલારામ કોમ્પલેક્ષ, વેરાવળ રોડ, કોડીનાર, ગામ-કોડીનાર,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ .......અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને ચીફ ઓફિસરશ્રી,કોડીનાર, નગરપાલીકા, કોડીનાર
તા.કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના **કોડીનાર** ગામના રહીશ **સુલતાન ભીખુભાઈ કુરેસી તથા જીન્નતબેન સુલતાન કુરેસીના પુત્રી શહેનાજ સુલતાન કુરેસીનો** જન્મ **તારીખ:૦૧/૦૬/૧૯૬૮** ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ નગરપાલીકા, કોડીનાર, તાલુકો-કોડીનાર સને-૧૯૬૮ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૬/૦૧/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૭/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહિ**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**



## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં//-

નં.જન્મ-મરણ કેસ.નં.૬/૨૦૨૬

**પ્રતિ,**
શ્રી અશ્વિનકુમાર કરશનભાઈ મોરી ,
રહે. ડોળાસા, ગામ-ડોળાસા,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ .......અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત ડોળાસા,
તા.કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના **ડોળાસા** ગામના રહીશ **અશ્વિનકુમાર કરશનભાઈ મોરી તથા કંચનબેન અશ્વિનકુમાર મોરીના પુત્ર ધ્રુવ અશ્વિનકુમાર મોરીનો** જન્મ **તારીખ:૧૭/૦૬/૨૦૦૩** ના રોજ કોડીનાર તાલુકાના ડોળાસા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત ડોળાસા, તાલુકો-કોડીનાર સને-૨૦૦૩ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૬/૦૧/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૭/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહિ**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**



## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં//-

નં.જન્મ-મરણ કેસ.નં.૭/૨૦૨૬

**પ્રતિ,**
શ્રી ઈકબાલભાઈ નુરમામાદ સોરઠીયા ,
રહે.વડનગર, ગામ-વડનગર,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ .......અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી- કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત વડનગર,
તા.કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના **વડનગર** ગામના રહીશ **નુરમામદ ઈશાકભાઈ સોરઠીયા તથા આલશાબેન નુરમામદ સોરઠીયાના પુત્ર રઝાકભાઈ નુરમામદ સોરઠીયાનો** જન્મ **તારીખ:૦૧/૦૬/૧૯૭૦** ના રોજ કોડીનાર તાલુકાના વડનગર ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત વડનગર, તાલુકો-કોડીનાર સને-૧૯૭૦ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૬/૦૧/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૭/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહિ**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**



## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં//-

નં.જન્મ-મરણ કેસ.નં.૮/૨૦૨૬

**પ્રતિ,**
શ્રી ઈકબાલભાઈ નુરમામાદ સોરઠીયા ,
રહે.વડનગર, ગામ-વડનગર,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ .......અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી- કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત વડનગર,
તા.કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના **વડનગર** ગામના રહીશ **નુરમામદ ઈશાકભાઈ સોરઠીયા તથા આલશાબેન નુરમામદ સોરઠીયાના પુત્રી કુલસુમ નુરમામદ સોરઠીયાનો** જન્મ **તારીખ:૦૧/૦૬/૧૯૬૫** ના રોજ કોડીનાર તાલુકાના વડનગર ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત વડનગર, તાલુકો-કોડીનાર સને-૧૯૬૫ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૬/૦૧/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૭/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહિ**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

### ચલાલા પોલીસે ટેમ્પોચાલક સામે ગૂનો નોંધી તપાસ શરૂ કરી

# ધારી - ચલાલા માર્ગ પર બાઈક અને ટેમ્પો વચ્ચે અકસ્માતમાં વૃદ્ધનું મોત

**વૃધ્ધના મોતથી કુકડ પરિવારમાં શોકનો માહોલ છવાયો**

અમરેલી,તા.૧૩

ધારી-ચલાલા રોડ પર આજે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ધારીથી ચલાલા તરફ જઈ રહેલા રાણાભાઈ દુદાભાઈ કુકડ (ઉંમર ૬૫ વર્ષ) નામના વૃદ્ધની મોટરસાઈકલને ગાયત્રી કોલેજ સામે એક છોટા હાથી ટેમ્પોએ જોરદાર હડફેટે લીધી હતી. આ અકસ્માતમાં રાણાભાઈને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા લોહીલુહાણ હાલતમાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક ચલાલા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જોકે, હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું કરૂણ મોત નીપજ્યું હતું. બનાવની જાણ થતા જ ચલાલા પોલીસે હોસ્પિટલ પહોંચી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી ટેમ્પો ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. આ ઘટનાથી કુકડ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.


તસવીર : મયુર પંડયા

### કારચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા કાર પલટી મારી ગઈ

# બગસરા નજીક અકસ્માત થતા ચક્કરગઢ દેવળીયા ગામની પરિણીતાનું કરૂણ મોત

બગસરા,તા.૧૩

બગસરા તાલુકાના નાના મુંજીયાસર નજીક કાર રોડની નીચે ઉતરી જતા એક પરિણીતાનું કરૂણ મોત નિપજ્યુ છે. જયારે કાર સવાર યુવક અને એક ત્રણ વર્ષીય બાળકનો બચાવ થયો છે. બગસરા તાલુકાના નાના મુંજીયાસરથી માણેકવાડા ગામ વચ્ચે અકસ્માતની ઘટના સામે આવી છે. જાણવા મળતી માહિતી મુજબ અમરેલીના ચક્કરગઢ દેવળીયા ગામની પરિણીતા હેતલબેન જીજ્ઞેશભાઈ જાદવ ઉ.વ.૨૫ મંગળવારના રોજ સાંજના સુમારે પોતાના સાસરેથી તેમના ભાઈ અને ત્રણ વર્ષીય પુત્ર સાથે પોતાના પીયર ભલગામ ગામે જતા હતા ત્યારે નાના મુંજીયાસર-માણેકવાડા રોડ પર એક કારે ઓવરટેક કરવાના ચક્કરમાં ટક્કર મારતા કારચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા કાર રોડની નીચે ઉતરી ગઈ હતી. જેથી કાર સવાર હેતલબેનનુ માથામાં હેમરેજ થવાથી કરૂણ મોત થયુ હતુ. જયારે કાર સવાર યુવક અને બાળકનો આબાદ બચાવ થયો હતો. આ ઘટનાની જાણ થતા પોલીસ દોડી ગઈ હતી અને અકસ્માતનો ગૂનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.



# ગુજરાતનો પ્રવાસ કર્યા બાદ જર્મન ચાન્સેલર જર્મની જવા રવાના

ગાંધીનગર,તા.૧૩

જર્મનીના ચાન્સેલર ફ્રેડરિક મર્ઝનો ભારત–ગુજરાત પ્રવાસ સફળતાપૂર્વક પૂર્ણ થયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેના મહત્વપૂર્ણ વ્યૂહાત્મક સંવાદો, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ ભારત–જર્મન CEO ફોરમમાં ભાગ લીધા બાદ ૧૩ જાન્યુઆરીએ તેઓએ અમદાવાદ એરપોર્ટ પરથી જર્મની જવા પ્રસ્થાન કર્યું હતું. અમદાવાદ એરપોર્ટ પર રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જર્મન ચાન્સેલર મર્ઝને વિદાય આપી હતી. આ મુલાકાત દરમિયાન ભારત અને જર્મની વચ્ચે ઉદ્યોગ, રોકાણ, ટેક્નોલોજી અને વ્યૂહાત્મક સહકારને નવી ગતિ મળવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.



# બગદાણામાં સેવક પર થયેલા હુમલાના કેસમાં કોળી આગેવાનો દ્વારા આત્મવિલોપનની ચિમકી અપાઈ

રાજકોટ,તા.૧૩

બગદાણા ધામમાં સેવક પર થયેલા હુમલાના કેસમાં હવે કોળી સમાજ ભડક્યો છે. ત્યારે આ મામલે હવે કોળી આગેવાનો દ્વારા આત્મવિલોપનની ચીમકી આપવામાં આવી છે. ૧૫ તારીખે આગેવાનો આત્મવિલોપન કરશે તેવી ચીમકી આપવામાં આવી છે.

બગદાણાના સેવક નવનીત બાલધિયા પર થયેલા હુમલા મામલે કોળી આગેવાનો દ્વારા આત્મવિલોપનની ચીમકી આપવામાં આવી છે. કોળી યુવાન નવનીત બાલધિયા પર વાંક વગર જીવલેણ હુમલો કરવામાં આવ્યો છે. ત્યારે નવનીત બાલધિયાના જણાવ્યા મુજબ, માયાભાઈ આહીરના પુત્ર જયરાજ આહીરે હુમલો કરાવ્યો હોવા છતાં એફઆઈઆરમા નામ નથી. જેને લઈને અમે સમાજના આગેવાનોએ આત્મવિલોપન કરવાનું નક્કી કર્યું છે. સમાજના આગેવાનોએ કહ્યું કે, જો અમને ન્યાય નહિ મળે તો અમે ૧૫ જાન્યુઆરીએ બગદાણા મંદિર પાસે આત્મવિલોપન કરીશું. બીજા કેસમાં પોલીસ નામ જોડી દેતી હોય છે, તો આમાં કેમ નહિ, આ કોઈ ધમકી નથી. અમે ૧૪ જાન્યુઆરી સુધી રાહ જોઈશું. ૧૪ જાન્યુઆરી સુધી કોઈ નિર્ણય નહિ લેવાય તો અમે આત્મવિલોપન કરીશું. બગદાણાના નવનીતભાઈને ન્યાય નહિ મળે તો આગામી તારીખ ૧૫ તારીખે સવારે ૧૧:૦૦ વાગે કોળી સમાજના આગેવાનો આત્મ વિલોપન કરશે. સાથે જ કોળી આગેવાનોએ કહ્યું કે, જ્યાં સુધી અમારી માંગ પૂરી નહીં થાય ત્યાં સુધી અમે આ લડત લડવાના છીએ. મુખ્ય માંગણી છે કે, જે મુખ્ય આરોપી હોય એને છાવરવામાં આવે છે, એનું એફઆઈઆરમાં નામ આવે અને એની પૂછપરછ થાય, તેવી માંગ કરી છે.

# આટકોટ તાલુકામાં સાત વર્ષની બાળકી પર થયેલા દુષ્કર્મ આચરનાર દોષિત

રાજકોટ,તા.૧૩

આટકોટ તાલુકામાં સાત વર્ષની બાળકી પર થયેલા દુષ્કર્મના ચકચારી કેસમાં કોર્ટ આજે ચુકાદો આપી શકે છે. ૩૩ દિવસ પહેલા ત્રણ સંતાનોના પિતા એવા રેમસીંગ નામના આરોપીએ બાળકીનું અપહરણ કરી અવાવરું જગ્યાએ લઈ જઈ દુષ્કર્મ આચર્યું હતું. ત્યારબાદ માસૂમના પ્રાઈવેટ પાર્ટમાં લોખંડનો સળિયો નાખી લોહીલુહાણ કરી નાખી હતી. બાળકીને તાત્કાલીક સારવાર માટે ખસેડી દેવાતા બચાવ થયો હતો. પોલીસે આરોપીને ઝડપી ૧૧ દિવસમાં જ ચાર્જશીટ ફાઈલ કરી હતી. ૩૪ દિવસમાં કોર્ટે ચુકાદો આપી આરોપીને દોષિત ઠેરવ્યો. સજાનું એલાન ૧૫મી જાન્યુઆરીએ કરાશે.



# મુન્દ્રાના ભદ્રેશ્વરમાં પતિએ જ પત્નીને મોતને ઘાટ ઉતારી

મુન્દ્રા,તા.૧૩

મુન્દ્રા તાલુકાના ભદ્રેશ્વરમાં પતિએ જ પોતાની પત્નીને છરીના ઘા મારી હત્યા નીપજાવી હોવાની ઘટના સામે આવી છે. અડધી રાતે ચા બનાવવા માટે જગાડ્યા બાદ કામધંધા બાબતે રકઝક થતા આરોપી પતિએ સુઈ રહેલા સંતાનોના રૂમનો દવાજો બહારથી બંધ કરી દીધો હતો અને છરીના સાત ઘા મારી ૫૩ વર્ષીય પત્નીને મોતનેઘાટ ઉતારી દીધી હતી. પ્રાપ્ત વિગતો મુજબ મુન્દ્રા મરીન પોલીસ મથકે ફરિયાદી અલ્ફાના અભુ ગોધાએ આરોપી પિતા અભુ મામદ ગોધા વિરુદ્ધ ગુનો નોંધાવ્યો છે.






### વાલીઓએ ફરિયાદ કરવાનું ટાળતા સમગ્ર પ્રકરણ પર પડદો પડ્યો


# અમરેલીના શિક્ષણ જગતને લાંચન લગાવતો કિસ્સો કોલેજના નિયામકે વિદ્યાર્થીનીઓને છેડતી કરી

**સંસ્થાએ કારણ આપ્યા વિના નિયામકને પદ પરથી દૂર કર્યા**

અમરેલી,તા.૧૩

અમરેલીમાં શિક્ષણ જગતને લાંછન લગાવતો એક કિસ્સો બન્યો છે. આ અત્યંત શરમજનક ધૃણાસ્પદ કિસ્સામાં સંસ્થાના નિયામકે કોલેજની વિદ્યાર્થીનીઓ સાથે છેડતી કરવાની ઘટના બની છે. જાણવા મળતી માહિતી મુજબ વિદ્યાર્થીઓના પ્રવાસ દરમિયાન નિયામકે સતાના જોરે ૧૦ થી ૧૨ વિદ્યાર્થીનીઓ સાથે છેડતી કરી હોવાની ઘટના બની છે. સમગ્ર બાબતની જાણ થતા જ એબીવીપીના કાર્યકરો સંસ્થામાં પહોંચી ગયા હતા અને સમગ્ર ઘટનાની વિગતો મેળવી હતી. જોકે વિદ્યાર્થીનીઓના વાલીઓએ કોઈ અગમ્ય કારણોસર પોલીસ ફરિયાદ ન નોંધાવતા સમગ્ર પ્રકરણ પર હાલ પૂરતો પડદો પડી ગયો છે. દિવસ દરમિયાન આ મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બન્યો હતો. સંસ્થાએ પણ સમગ્ર ઘટનાની તપાસ કરવાને બદલે નિયામકને બીજું કારણ આપી તાત્કાલિક પદ પરથી દૂર કરવાનો હુકમ કર્યો છે.

# મુંબઈથી અમદાવાદ આવતી ફ્લાઈટનું લેન્ડિંગ નિષ્ફળ, મુસાફરોના જીવ તાળવે ચોંટ્યા



અમદાવાદ,તા.૧૩

મુંબઈથી અમદાવાદ આવી રહેલી અકાસા એરની ફ્લાઈટમાં આજે મુસાફરોએ મોતનો સાક્ષાત્કાર કર્યો હોય તેવી દહેશતભરી સ્થિતિ સર્જાઈ હતી. અમદાવાદ રનવે પર બે વાર લેન્ડિંગના નિષ્ફળ પ્રયાસ બાદ વિમાનને આખરે જયપુર ડાયવર્ટ કરવામાં આવ્યું હતું. ૧૩ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ મુંબઈથી અમદાવાદની સફરે નીકળેલા મુસાફરો માટે આ પ્રવાસનો અનુભવ ભયાનક રહ્યો હતો. અકાસા એરની ફ્લાઈટ નંબર QP ૧૭૮૧ (Boeing ૭૩૭ Max ૮), જે સવારે ૮:૪૦ વાગ્યે મુંબઈથી રવાના થઈ હતી, તેમાં અધવચ્ચે જ એક ગંભીર ટેકનિકલ ખામી સર્જાતા વિમાનમાં સવાર મુસાફરોના જીવ તાળવે ચોંટી ગયા હતા. નિર્ધારિત સમય મુજબ સવારે ૧૦:૦૦ વાગ્યે અમદાવાદ ખાતે લેન્ડિંગ કરવાનું હતું, પરંતુ ટેકનિકલ ખામીના કારણે મોટી દુર્ઘટનાની દહેશત ઊભી થઈ હતી.





